પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૬૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૮-૦૬-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 260 PRICE :-RS. 1.50 DATE : 28-06-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

### પહેલો વિસ્ફોટ ઈમારતની છત પર અને બીજો વિસ્ફોટ જમીન પર થયો

## જમ્મુ એરફોર્સ સ્ટેશન પર ૫ મિનિટમાં બે બોમ્બ બ્લાસ્ટથી ખળભળાટ મચ્યો

જમ્મુ,

જમ્મુ એરપોર્ટના ટેક્નિકલ એરિયામાં મોડી રાત્રે ધમાકાનો અવાજ સંભળાયો, ત્યારબાદ ત્યાં ભાગદોડ મચી ગઈ. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ચુકી છે. જાણકારી પ્રમાણે ઘટના રાત્રે લગભગ ૨ વાગ્યાની છે. કહેવામાં આવી રહ્યું છે કે અવાજ દૂર સુધી સંભળાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન એરફોર્સના સ્ટેશન હેડક્વાર્ટર અને તેની સાથે જ જમ્મુનું




મેઈન એરપોર્ટ પણ આ પરિસરમાં આવે છે. અહીં ૫ મિનિટની અંદર ૨ બ્લાસ્ટ થયા. પહેલો બ્લાસ્ટ પરિસરની બિલ્ડિંગના ટેરેસ પર અને બીજો નીચે થયો. ઘટનામાં એરફોર્સના ૨ જનાનો ઘાયલ થયા છે.

સૂત્રો પ્રમાણે વિસ્ફોટ માટે ૨ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો. હુમલાખોરો વિશે જાણકારી મળી નથી, પરંતુ કહેવામાં આવી રહ્યું છે કે ધમાકાવાળા વિસ્તારમાં ઉભેલા એરક્રાફ્ટ તેમના નિશાના પર હતા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જમ્મુના વાયુસેના સ્ટેશન પર થયેલી ઘટનાના સંબંધમાં વાઈસ એર ચીફ એર માર્શલ એચ.એસ. અરોરા સાથે વાત કરી. સંરક્ષણ મંત્રી કાર્યાલય પ્રમાણે એર માર્શલ વિક્રમ સિંહ સ્થિતિ વિશે જાણકારી માટે જમ્મુ પહોંચ્યા છે.

મોડી રાત્રે ધમાકા બાદ ત્યાં આસપાસના લોકોમાં ગભરાટનો માહોલ છે. અત્યારે ઘટનાસ્થળ પર એરફોર્સ, આર્મી અને જમ્મુ-કાશ્મીર પોલીસના અધિકારી પહોંચી ગયા છે. આ દરમિયાન જમ્મુમાં ત્રિકુટા નગર પોલીસ સ્ટેશન વેવ મૉલની પાસે એક આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરવામાં આવેલા આતંકવાદીનું નામ નદીમ હોવાનું કહેવામાં આવી રહ્યું છે, જેની ઉંમર ૨૦ વર્ષ છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, આંતકવાદી પાસેથી ૪ કિલો આઈઈડી મળી આવ્યું છે. જો કે અત્યારે એ સ્પષ્ટ નથી કે આ આતંકવાદી જમ્મુ એરપોર્ટવાળી ઘટના સાથે સંકળાયેલો છે કે નહીં.

### જમ્મુ એરફોર્સ સ્ટેશનમાં ડ્રોન હુમલાની ટેરર એન્ગલથી થશે તપાસ, NIA-NSGની ટીમ પણ પહોંચી

### સરકાર એક્શન મોડમા આવે

## કોરોનાકાળમાં પણ લોનથી ટુ-વ્હીલર લેનારા મધ્યમ વર્ગ પર હપ્તા વસૂલી માટે દાદાગીરી- માનસિક ત્રાસ

ગાંધીનગર,

કોરોનાકાળે ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક પ્રકારે વેપાર-ધંધા, ઔદ્યોગિક ક્ષેત્રને ભારે તકલીફમાં મૂકી દીધા છે. જેની સૌથી મોટી અસર તેની સાથે જોડાયેલા દરેક માનવીને થવા પામી છે. બજારોમાં માંગના અભાવે મંદી વ્યાપ્ત બની છે. પરિણામે અનેકોએ રોજગારી ગુમાવી છે તો અનેકોએ નોકરી ગુમાવી છે તો અનેકોના પગાર કાપ કરી નાખવામાં આવ્યા છે. રાજ્ય સરકારે બજારોની રોનક પનઃ ધમધમતી થાય તે માટે અનેક પગલાં ભર્યા છે. પરંતુ મંદીને કારણ બજારોની રોનક અગાઉ જેવી જામતી નથી અને તેનું કારણ છે સામાન્ય લોકોના ખિસ્સા માં પૈસા નથી

સરકારનું ધ્યાન લોનથી ટુ વ્હીલર ખરીદનારાઓની પરિસ્થિતી પર ગયું નથી બીજી તરફ હપ્તા વસુલી માટે જે તે બેંકો કે ફાયનાન્સિયરો પર ધ્યાન નથી ગયું અને તે કારણે સરકારે કોઈજ પગલાં લીધાં નથી. જેના પરિણામ સ્વરૂપ બેંકો, ફાયનાન્સિયરો માનવતા ચૂકી ગયા છે અને જે તે લોનથી વાહન ખરીદનારાઓ પાસે લોન વસુલાત કરવા વિવિધ રીતે દાદાગીરી કરવા સાથે માનસિક ત્રાસ આપી રહ્યા છે. તાજેતરમાં જ એક ઘટના બહાર આવી છે જેમાં એક મહિલાએ લિવોના ડીલર પાસેથી લીલો ટુવ્હિલર હપ્તેથી લીધું હતું. ડીલરના ધંધાનાં સ્થળ ઉપર જ બેંકના માણસોએ લોન પેપર તૈયાર કરી આપીને વાહન આપવામાં આવતા હતા જેમાં આ બહેને લીવો ટુવ્હિલર લોનથી લીધું હતું તથા છ થી સાત લોન હપ્તા નિયમિત ભર્યા હતા. રાજ્યમાં પ્રતિબંધના તમે આદેશો આવી પડતાં પગાર બંધ થયા અને જ્યા નોકરી કરતા હતા તેમણે આ બ્હેનને છુટા કરી દીધા પરિણામે પ્રતિબંધનાત્મક આદેશ દરમ્યાન હપ્તા ભરી શક્યા નહીં. અને સરકારે પ્રતિબંધનાત્મક આદેશો હટાવી લેતાજ બેક્રોએ નાના લોન લેનારાઓને ટાર્ગેટ બનાવવાનું શરૂ કરી દીધું. જેના કારણે અનેકો લોન પર વાહન લેનારાઓ પર વસૂલાત કરવા માનસિક ત્રાસ આપવાનુ શરૂ થઈ ગયું તો હતો ન ભરનારાઓને વાહન જમા લઈ લેવાની ધમકી આપવા લાગ્યા. જોકે લાખો રૂપિયાની લોન લેનારથી બેંકો વસુલાતની દાદાગીરી કરવામાં પાછા પડે છે.... ત્યારે આ બ્હેન પર હપ્તા ભરી જવા એલએનટી માંથી ફોન આવ્યો અને બ્હેને લોકડાઉનને કારણે હપ્તા નથી ભર્યા પરંતુ આગામી પહેલી તારીખથી હપ્તા ભરવા ખાતરી આપી. ફોન કરનાર તેની એક પણ વાત માનવા તૈયાર ન થયા અને સ્પષ્ટ કરી દીધું કે ગમે તેમ કરીને હપ્તો ભરી દો તમારી તકલીફ સાંભળ્યા બાદ અમારો જવાબ હશે હપ્તો ભરી દો... નહીં તો ગાડી લઈ જઈશું..... આખરે વાહન લેનારે કહી દીધું ભાઈ અત્યારે સગવડ નહીં થાય પહેલી તારીખથી રેગ્યુલર હપ્તા ભરીશુ....પરંતુ ફોન કરનાર માનવા તૈયાર ન થતાં...આખરે હારી, થાકી, કંટાળીને આ બ્હેને કહી દીધું કે ગાડી લઈ જજો આપની ઈચ્છા..... ત્યારે રાજ્ય સરકારે હવે આવા નાની લોન લેનાર માટે મદદે આવવાની જરૂર છે અને આકરી વસુલાત કરવાના દુષણને ડામવા યોગ્ય પગલાં ભરવાની જરૂર છે.. તેવી લોકલાગણી વ્યાપ્ત બની છે.

## પરિસ્થિતિ કંટ્રોલમાં થાય તે બાદ શિક્ષણ શરુ કરવા નિર્ણય કરીશું: રુપાણી

સોમનાથ,

રાજ્યમાં કોરોનાની પહેલી લહેર બાદ સંક્રમણ ઘટતા શાળા અને કોલેજો શરૂ કરવાનો સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો અને તબક્કાવાર રીતે ઓફલાઈન શિક્ષણ આપવાની શરૂઆત પણ કરવામાં આવી હતી પરંતુ કોરોનાની બીજી લહેરમાં કેસની સંખ્યામાં વધારો થતા રાજ્ય સરકાર દ્વારા ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ઓનલાઈન શિક્ષણ જ શરૂ કરવામાં આવ્યું હતું. સાથે જ રાજ્ય સરકાર ધોરણ ૧થી ૧૨ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. ત્યારે હવે બીજી લહેર બાદ રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું છે. તેવામાં હવે શાળાઓ શરૂ કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. ત્યારે આ બાબતે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મીડિયા સામે નિવેદન આપ્યું હતું.



શાળા શરૂ કરવા બાબતે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, શિક્ષણ શરૂ કરવા માટે રાજ્ય સરકાર તૈયારી કરી રહી છે. પરંતુ હજુ સ્ટેબલ થાય છે. આપણે હજુ રાહ જોઈએ છીએ આ રીતે કેસ ઓછા થશે તો પહેલા કોલેજો શરૂ કરવાનો વિચાર છે અને પછી તબક્કાવાર રીતે શિક્ષણ શરૂ કરીશું. કોરોનાની ત્રીજી લહેરમાં દેશભરમાં બાળકોની ચિંતા પણ થઈ રહી છે. એટલે આપણે ઉતાવળ નહીં કરીએ. બધું ઓલ વેલ હશે ત્યારે જ આપણે આ બાબતે વિચારણા કરીશું.

તો સાથે જ સોમનાથ મુલાકાત દરમિયાન સૌની યોજના બાબતે તેમણે જણાવ્યું હતું કે, સૌની યોજના સૌરાષ્ટ્રમાં પૂર્ણ થવા આવી છે. આગામી ૨ મહિનામાં જ ૧૮ હજાર કરોડની યોજનામાં ૧૧૫ ડેમ અને અનેક તળાવ સીધા નર્મદા સાથે જોડાશે. એટલે સૌરાષ્ટ્રનો પાણીનો અતિવિકટ પ્રશ્ન પણ કાયમ માટે આપણે પૂર્ણ કરી રહ્યા છે. એટલે આ પ્રકારનું સૌરાષ્ટ્રનું મોટું કામ અમે પૂર્ણ કરી રહ્યા છીએ.

## વાલી મંડળ આજે ધો. ૧૦-૧૨ રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરવા હાઈકોર્ટમાં પિટીશન કરશે

અમદાવાદ,

ધોરણ ૧૦ અને ૧૨ના રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે અને રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષાની તારીખ પણ જાહેર કરી દેવામાં આવી છે. ત્યારે આ પરીક્ષા રદ કરવા માટે વાલી મંડળ દ્વારા આવતી કાલે હાઈકોર્ટમાં પીટીશન કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા સીબીએસઈ બોર્ડની પરીક્ષા રદ કરી છે તેમાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે ત્યારે ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે જેથી ઓલ ગુજરાત વાલી મંડળ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ઓલ ગુજરાત વાલી મંડળના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે ધોરણ ૧૦ અને ૧૨ના ૫ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓ છે. રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવે છે તો રિપીટર વિદ્યાર્થીઓને પણ માસ પ્રમોશન આપવું જોઈએ. રિપીટર વિદ્યાર્થીઓમાંથી અનેક વિદ્યાર્થી ૨-૫ માર્કસ માટે પણ નાપાસ થયા છે. વિદ્યાર્થીઓને અભ્યાસ પણ કર્યો હતો. સીબીએસઈ બોર્ડ દ્વારા તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવે છે તો ગુજરાત બોર્ડે પણ આપવું જોઈએ. જેથી અમે હવે રિપીટર વિદ્યાર્થીઓ માટે જ હાઈકોર્ટના શરણે જઈશું.

## કોરોના રસી વિરુધ્ધ ફેલાયેલ ભ્રમણા દૂર કરવા વડાપ્રધાનનો અનુરોધ

ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, જૂન મહિનાના આજે છેલ્લો રવિવાર હોવાથી, સવારે ૧૧ વાગ્યે તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' દ્વારા રાષ્ટ્રને સંબોધન કર્યુ હતું. મન કી બાતના ૭૮માં કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ટોકયો ઓલિમ્પિક રમતોત્સવમાં જનારા ખેલાડીઓને, સોશિયલ મીડિયામાં ચિયર ફોર ઈન્ડિયા હેશટેગ સાથે પ્રોત્સાહીત કરવા જણાવ્યુ હતું. તો કોરોના રસી અંગે દેશના ગ્રામ્ય વિસ્તારોમાં જે ભ્રમણા ફેલાઈ છે તે દૂર કરીને લોકો રસી લે તેવુ વાતાવરણ સર્જવા અપીલ કરી હતી.

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, આગામી પહેલી જુલાઈએ નેશનલ ડોકટર દિવસ અને ચાર્ટડ એકાઉન્ટન્ટ દિવસની ઉજવણી કરવા અનુરોધ કર્યો હતો. ચોમાસુ ઋતુમાં જળસંચયના કાર્યોને પ્રોત્સાહન આપીને વધુને વધુ માત્રમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય તેવી કામગીરી



હાથ ધરવા જણાવ્યુ હતું.

વેક્સિન અંગે ફેલાતી અફવા ઉપર ધ્યાન ના આપવા અપિલ કરતા વડાપ્રધાને કહ્યુ કે, કોરોના એ બહુરૂપિયા જેવી બિમારી છે. આ બિમારીથી બચવા માટે બે રસ્તા છે. એક રસ્તો તેની ગાઈડલાઈનનું ચૂસ્ત પાલન કરવા અને બીજો રસ્તો કોરોનાની રસી લેવા માટે કહ્યુ. લોકોના મનમાં ઘર કરી ગયેલા ડરને દૂર કરવા ગ્રામ્યજનોને અનુરોધ કર્યો હતો. અફવા – જુઠ્ઠાણા ફેલાવનારાઓને રોકો. આ કામમાં મહિલાઓને વધુને વધુ જોડીને રસીકરણની કામગીરીને તેજ કરવા અનુરોધ કર્યો હતો.

કોરોનાની વેક્સિન અગે એક સમયે વિચાર હતા કે ક્યારે વેક્સિન આવશે. પણ આજે લાખો લોકો વેક્સિન લઈ રહ્યાં છે. વેક્સિન માટે અનેક સામાજીક આગેવાનો પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યાં છે. કોરોનાની વેક્સિન અંગે ગ્રામ્યજનોમાં ફેલાયેલી ભ્રમણા દુર કરવા મધ્યપ્રદેશના દુલારીયા ગામના લોકો સાથે વા કરતા વડાપ્રધાને કહ્યુ કે, ૩૧ કરોડ લોકોએ વેક્સિન લીધી છે. મારી માતા ૧૦૦ વર્ષના છે તેમણે પણ વેક્સિન લીધી છે. ૧૮ વર્ષથી મોટી ઉમરના લોકોને, સરકાર દ્વારા અપાતી વિનામૂલ્યે વેક્સિન લેવા અનુરોધ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ફલાઈગ શીખ મિલ્ખાસીંગના નિધન અંગે દુખ વ્યક્ત કરતા દેશના યુવાનોને ઓલિમ્પિક રમતોત્સવ અંગેને ક્વિઝમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાને મિલ્ખાસીગ સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા. mygov એપ ઉપરની ઓલિમ્પિક રમતોત્સવ અંગેની ક્વિઝમાં ભાગ લેવા કહ્યુ .

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ચોમાસામાં જળસંગ્રહની પ્રવૃતિને પ્રોત્સાહીત કરવા આ પ્રકારની કામગીરી કરનારાઓનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, આ કામગીરીથી જળસંચય સારી રીતે થાય છે. ખેડૂતોને પાણી હોવાથી લાભ થઈ રહ્યો છે. જ્યા પણ જે રીતે પાણી બચાવી શકાય તે રીતે પાણી બચાવવું જોઈએ.

આગામી ૧ જુલાઈએ નેશનલ ડોકટર દિવસ ઉજવીશુ. બી સી રોયના સન્માનમાં, આ ઉજવાતો આ દિવસ કોરોનાના કાળમાં ડોકટરોએ તેમના જીવની ચિંતા કર્યા વિના દર્દીઓની સારવાર કરી છે. આથી આ વખતે આ નેશનલ ડોકટર દિવસ મહત્વનો બની રહે છે. આપણી જવાબદારી છે ડોકટરોની હિમત વધારે, તેમની કામગીરીને પ્રોત્સાહીત કરે. શ્રીનગરના ડલ સરોવરમાં બોટ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરાઈ છે. આ દિવસે ચાર્ટડ એકાઉન્ટ દિવસ પણ ઉજવાય છે. અર્થતંત્રમાં મહત્વનુ યોગદાન આપવામાં આવ્યુ છે.

## કોરોનાએ ફરી માથું ઉંચક્યું, ૨૪ કલાકમાં ૫૦ હજારથી વધુ કેસ, ૧,૨૫૮ના મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાના વાયરસ ફરી માથું ઊંચકી રહ્યો હોવાના સંકેત મળી રહ્યા છે. વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૦,૦૪૦ કેસ નોંધાયા હતા જેને પગલે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૦૨,૩૩,૧૮૩ થઈ હતી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના મતે સક્રિય કેસો ઘટીને ૫,૮૬,૪૦૩ નોંધાયા છે. દેશમાં વધુ ૧,૨૫૮ દર્દીના મોત થયા હતા જેને પગલે કુલ મૃત્યુઆંક ૩,૯૫,૭૫૧ થયો હતો. દેશમાં સક્રિય કેસો કુલ કેસ લોડના ૧.૯૪ ટકા રહ્યા છે.

કોરોનાના કુલ કેસની તુલનાએ સતત ૪૫માં દિવસે રિકવર થયેલા દર્દીઓની સંખ્યા વધુ રહી છે. અત્યાર સુધીમાં કુલ ૨,૯૨,૫૧,૦૨૯ દર્દીઓ કોરોનાથી સ્વસ્થ થયા છે. રિકવરી રેટ પણ વધીને ૯૬.૭૫ ટકા થયો છે. સાપ્તાહિક સંક્રમણ દર ઘટીને ૨.૯૧ ટકા રહ્યો હતો.

કેન્દ્રીય મંત્રાલયના મતે દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૮૨ ટકા રહ્યો હતો જે સળંગ ૨૦માં દિવસે પાંચ ટકાથી નીચે રહ્યો હતો. વિતેલા એક દિવસમાં ૬૪.૨૫ લાખ દર્દીઓને વેક્સિનનો ડોઝ આપવામાં આવ્યો હતો. આ સાથે જ દેશમાં કુલ ૩૨.૧૭ કરોડ વેક્સિન ડોઝ આપવામાં આવ્યા છે.

શનિવારે દેશમાં ૧૭,૪૫,૮૦૯ ટેસ્ટ હાથ ધરાયા હતા. કુલ ટેસ્ટનો આંકડો ૪૦,૧૮,૧૧,૮૯૨ થયો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક ૩,૯૫,૭૫૧ થયા છે જે પૈકી મહારાષ્ટ્રમાં ૧,૨૦,૮૮૧, કર્ણાટકમાં ૩૪,૬૫૪, તામિલનાડુમાં ૩૨,૧૯૯, દિલ્હીમાં ૨૪,૯૬૧, ઉત્તર પ્રદેશમાં ૨૨,૪૪૩, પશ્ચિમ બંગાળમાં ૧૭,૫૮૩, પંજાબમાં ૧૫,૯૭૯ અને છત્તીસગઢમાં ૧૩,૪૨૭ દર્દીનો સમાવેશ થાય છે.

## ડેલ્ટા પ્લસ વેરિએન્ટ બહુ ખતરનાક, રસીકરણથી કામ નહીં ચાલે

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસના ડેલ્ટા પ્લસ વેરિએન્ટની લડાઈમાં રસીકરણ અને માસ્ક લગાવવા જેવી સુરક્ષાના ઉપાયો કરવા બહું જરુરી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની રશિયાના પ્રતિનિધિ મેલિતા વુજનોવિકે આની જાણકારી આપી છે. આ વેરિએન્ટને બહું ખતરનાર મનાઈ રહ્યો આ ઝડપથી લોકોમાં ફેલાઈ રહ્યો છે. ત્યારે ભારતમાં આના લગભગ ૫૦ મામલા સામે આવ્યા છે. આ વેરિએન્ટે દુનિયાના ૧૧ દેશોમાં દેખા દીધી છે.

મેલિતાએ એક લાઈવ યૂટૂર્બ શોમાં કહ્યું કે રસીકરણ પ્લસ, માસ્ક કેમ કે ડેલ્ટા પ્લસ માટે ફક્ત રસીકરણ પુરતુ નથી. બહું ઓછા સમય માટે પ્રયાસ કરવા પડશે. નહીં તો આપણે ફરી લોકડાઉન લાગૂ કરવું પડશે. તેમણે કહ્યું કે રસીકરણની જરુર છે કેમ કે આ વાયરસના ફેલાવાની શક્ય સંભાવનાઓ સંક્રમિત થવા પર દર્દીઓને ગંભીર સ્થિતમાં પહોંચવાનું સંકટ ઘટાડે છે. જો કે આપણે સાથે સાથે વધારે પ્રયાસો કરવાની જરુર છે.

આ મહિનાની શરુઆતમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ ડેલ્ટા પ્લસ વેરિએન્ટને પોતાની વેરિએન્ટ ઓફ કંસર્નની યાદીમાં સામેલ કર્યો છે. એવું એટલા માટે કરવામાં આવ્યું કેમ કે આ વેરિએન્ટ ઝડપથી લોકોની વચ્ચે ફેલાઈ રહ્યો હતો અને રશિયા સહિત અનેક દેશોમાં નવા મામલમાં ઝડપથી વધારો થવા માટે આ જવાબદાર હતો. ભારતમાં પણ ડેલ્ટા પ્લસ વેરિએન્ટના અનેક મામલા સામે આવ્યા. જેમાંથી સૌથી પહેલો કેસ માર્ચમાં આવ્યો. આ અઠવાડિયામાં ડેલ્ટા પ્લસ વેરિએન્ટથી પહેલી મોત થઈ. જે મધ્ય પ્રદેશમાં નોંધાયી. આ કોવિડ દર્દીએ રસી લીધી નહોંતી.

## પ્રોજેક્ટ નિયત સમયમાં પૂર્ણ ન થતાં ૪.૪ લાખ કરોડનો વધારાનો બોઝ પડશે

ન્યુ દિલ્હી,

ભારતનો પાડોશી દેશ ચીન ગણતરીના દિવસોમાં મહાકાય પ્રોજેક્ટ પૂરા કરી દેતો હોય છે અને ભારતની તકલીફ એ છે કે, મોટાભાગના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નિયત સમયમાં પૂરા થતા નથી હોતા.

મળતા આંકડા પ્રમાણે ૧૫૦ કરોડ કે તેનાથી વધારે બજેટવાળા ૪૭૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસના ખર્ચમાં અગાઉ કરેલા અનુમાન કરતા ૪.૪ લાખ કરોડનો વધારો થઈ ગયો છે.પ્રોજેક્ટસ સમયસર પૂરા નહીં થયા હોવાથી તેની પાછળનો ખર્ચ વધી ગયો છે.મિનિસ્ટ્રી ઓફ સ્ટેસ્ટિક્સ અને પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન દ્વારા આ પ્રકારના પ્રોજેક્ટસ પર નજર રખાતી હોય છે.મંત્રાલયના મે ૨૦૨૧ના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, ૧૭૭૮ જેટલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસમાંથી ૪૭૮ પ્રોજેક્ટસનો ખર્ચ અંદાજ કરતા વધી ગયો છે.જ્યારે ૫૨૫ બીજા પ્રોજેક્ટસ પણ મોડા ચાલી રહ્યા છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, ૧૭૬૮ યોજનાઓ પાછળ મૂળ ખર્ચ ૨૨.૮૬ લાખ કરોડ રુપિયા થવાનો હતો.જે હવે વધીને ૨૭.૨૭ લાખ કરોડ રુપિયા થઈ ગયો છે.આમ આ પ્રોજેક્ટસનુ બજેટ ૧૯ ટકા જેટલુ વધી ગયુ છે.મે મહિના સુધીમાં આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસ પર ૧૩.૩૦ લાખ કરોડ રુપિયા ખર્ચાઈ ગયા છે.

જોકે મંત્રાલયનુ કહેવુ છે કે, જો પ્રોજેક્ટસ પૂરા થવાની હાલની જે ડેડલાઈન નક્કી કરાઈ છે તે જોવામાં આવે તો મોડા ચાલી રહેલા પ્રોજેક્ટની સંખ્યા ઓછી થઈને ૩૮૭ થઈ જશે.આ રિપોર્ટમાં કહેવાયુ છે કે, ડેડલાઈન કરતા પાછળ ચાલી રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસમાં ૧૦૦ યોજનાઓ એક થી બાર મહિના, ૧૨૪ યોજનાઓ ૧૩ થી ૨૪ મહિના, ૧૮૨ યોજનાઓ ૨૫ થી ૬૦ મહિના તથા ૧૧૯ યોજનાઓ ૬૧ મહિના કે તેના કરતા વધારે પાછળ ચાલી રહી છે.

પ્રોજેક્ટમાં મોડા થવાના કારણોમાં જમીન સંપાદનમાં વિલંબ, પર્યાવરણ તતા વન વિભાગની મંજૂરીઓમાં વિલંબ મુખ્ય છે.આ સિવાય પણ અન્ય કેટલાક કારણો વિલંબ માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

## અમેરિકાના ફ્લોરિડા શહેરમાં ૧૨ માળની ઈમારત ધરાશાયીઃ ૫ના મોત

ફ્લોરિડા,

અમેરિકાના ફ્લોરિડા શહેરમાં ૧૨ માળની એક ઈમારત ધસી પડતા ૧૦૦ કરતા પણ વધારે લોકો કાટમાળ નીચે દટાયા હતા. અત્યાર સુધીમાં કાટમાળમાં દટાયેલા ૫ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે અને રેસ્ક્યુ ઓપરેશન હજુ પણ ચાલી રહ્યું છે. આ દુર્ઘટના બાદ તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ફ્લોરિડાના મિયામી સમુદ્ર પાસે આવેલી એક ઈમારત અચાનક જ ધસી પડી હતી. આ દુર્ઘટનામાં ૫ લોકોના મોત થયા છે અને મૃતકઆંક હજુ પણ ખૂબ ઉંચો જાય તેવી શક્યતા છે. આ દુર્ઘટના ૨ દિવસ પહેલા બની હતી અને હજુ પણ બચાવ કામ ચાલુ છે. રેસ્ક્યુ ટીમે અનેક લોકોને સફળતાપૂર્વક કાટમાળમાંથી બહાર કાઢ્યા છે પરંતુ હજુ પણ ૧૫૬ લોકો દટાયેલા હોવાની આશંકા છે. રેસ્ક્યુ ટીમને શનિવારે કૉન્ડોમિનિયમ ટાવરના કાટમાળમાંથી વધુ એક મૃતદેહ હાથ લાગ્યો હતો અને તે સાથે જ મૃતકઆંક વધીને ૫ થઈ ગયો હતો. ઈમારત ધરાશયી થયા બાદ કાટમાળમાં આગ ફાટી નીકળી હતી જેથી બચાવ કાર્યમાં મુશ્કેલી અનુભવાઈ રહી છે. મિયામી ડાડેના મેયરના કહેવા પ્રમાણે આગની લપેટો ખૂબ જ તેજ છે અને ફાયર વિભાગના કર્મચારીઓને તેનો સ્ત્રોત જાણવામાં મુશ્કેલી પડી રહી છે.

## ગુજરાત સરકારના રાજમાં લોકો ભૂખે મરે છે, બેરોજગાર છેઃ છોટુ વસાવા

રાજપીપળા,

ગુજરાતનો વિકાસ થઈ રહ્યો હોવાના ભાજપ સરકારના દાવા વચ્ચે બીટીપી ધારાસભ્ય અને આદીવાસી નેતા છોટુ વસાવાએ ગુજરાત સરકાર પર ગંભીર આક્ષેપ લગાવતા જણાવ્યું છે કે જનતાને લૂંટવા સિવાય કાય કામ આ સરકારે કર્યું નથી.અને લૂંટના હિસ્સામાંથી જે ટુકડા સરકારના મળતીયાઓને મળે એવા લોકોએ સરકારની વાહ વાહ કરવા સિવાય કાય કરતા નથી.છોટુ વસાવાએ આ આક્ષેપ ત્યારે લગાવ્યો છે જ્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે.

બીટીપીના સર્વે સર્વા છોટુ વસાવાએ જ જણાવ્યું હતું કે ગુજરાત પેટર્ન યોજનાના નામે દર વર્ષે ૮૦૦૦ કરોડ રૂપિયા આવે છે, એ યોજનાના નામેં અમુક આદીવાસી સાંસદો અને ધારાસભ્યો એનજીઓને કોન્ટ્રાકટ આપી એમાંથી પૈસા ખાઈ જાય છે. ગુજરાત પેટર્ન યોજનાના નાણા ઉપયોગ દુર્ગમ-પહાડી વિસ્તારના વિકાસ માટે વાપરવા જોઈએ, તો એ યોજનાના નાણાંનો યોગ્ય ઉપયોગ થયો છે એનો હાલની ગુજરાત સરકારે કોઈ દિવસ ખુલાસો કર્યો નથી.આ યોજનાના નામે ફળવાતું બજેટ સરકાર વનબંધુના નામે ખાઈ જાય છે.

છોટુ વસાવાએ વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના ગુજરાતના આદિવાસીઓની સમસ્યા દૂર કરવા બનાવી તે છતાં હાલની સ્થિતિએ અદિવાસીઓની સમસ્યા દૂર થતી જ નથી. ગુજરાતના વિવિધ જિલ્લાઓના પ્રભારી મંત્રીઓ ગુજરાત પેટર્ન યોજનાના નાણા એનજીઓને આપી પૈસા ચાઉ કરી જાય છે.ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી ભાજપ સરકાર છે, હાલની સ્થિતિ વધુ લોકો ભૂખે મરે છે અને બેરોજગાર છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર મા પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સંતરામપુર,
આજરોજ પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગરમાળો, ગુલમહોર, લીમડો, પીપળો વગેરે જેવા અનેક રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. પ્રકૃતિના જતનના ભાગરૂપે હાલના કોરોનાકાળ દરમ્યાન ઓકિસજનનું મહત્વ પ્રકૃતિ એ માનવજગતને તેનું મહત્વ સમજાવ્યું છે. તેની માત્રા વધારવાનાં આશય થી નગરમાં એક ઉમદાકાર્ય આ સંસ્થા દ્વારા કરવામાં આવેલ. જેમાં નગરના બાયપાસ રોડ થી શરૂ કરીને જ્યાં પડતર જમીનનો સર્વે કરી ત્યાર બાદ આ કાર્ય કરેલ.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ઈ-સંસ્થા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમમાં રોપાની વિશેષ કાળજી રહે તે હેતુથી ફેન્સીગ વાડ દ્વારા રક્ષિત કરવામાં આવેલ હાલ ચોમાસાની ઋતુ હોય આ કાર્ય કરેલ. જેમાં સંસ્થાના શિવાજીભાઈ મહાડીક, જિતેન્દ્રભાઈ, યોગેશભાઈ, કિરણભાઈ, પિયુષભાઈ, ભાનુભાઈ, રાકેશભાઈ, અમૃતભાઈ, દલપતભાઈ, જિજ્ઞેશભાઈ, એન.એસ.એસ. ના મિત્રો વગેરે સાથે મળીને આ અનોખું કાર્ય કરેલ. પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા સો ઉપરાંત વૃક્ષોનું રોપણ કરવામાં આવેલું હતું. બાયપાસ ભુવનેશ્વરી મંદિર પાસે સિવિલ કોર્ટ અલગ અલગ જગ્યાએ અલગ-અલગ છોડો વૃક્ષારોપણનો કરવામાં આવેલું હતું. પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા સંકલ્પ લેવામાં આવ્યા હતા કે, અમે વૃક્ષારોપણ કર્યા પછી તેનું જતન કરીશું તેની દેખરેખ જવાબદારી અને વૃક્ષોની કાળજી રાખીશું પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા ભવ્ય વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. વૃક્ષો રોપી શું પરંતુ તેનું જતન પણ કરીશું આવા સૂત્ર બોલીને સંકલ્પ લીધો હતો.

# સંતરામપુર નગરના કોંગ્રેસ કાર્યાલય પર સેવાદળ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં કોલેજ રોડ વિસ્તારમાં કોંગ્રેસ કાર્યાલય પર આજે સેવા ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. ધ્વજ વંદન કર્યા પછી રાષ્ટ્રગીત અને કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહિસાગર જિલ્લાના કોંગ્રેસના પ્રમુખ હરજીવનદાસ પટેલ, દીપેશ પ્રજાપતિ, ભરત ડીંડોલી, પ્રકાશભાઈ ડોડીયા સમસ્ત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા-ગોધરા હાઈવે પર રિક્ષામાંથી મુસાફર પડી જતાં મોત

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના મોડાસા-ગોધરા હાઈવે ઉપર એક રિક્ષા ચાલકે પોતાની રિક્ષા પુરઝડપે ચલાવી રિક્ષામાં બેઠેલ ઈસમ રિક્ષામાંથી પડી જતાં ગંભીર ઈજાઓ પહોંચાડી ચાલક રિક્ષા મુકી નાસી ગયો હતો.

માલપુર તાલુકાના ગોવિંદપુર ગામે પથ્થર દળવાની ફેકટરીમાં મજુરી કામ કરતા બાબુભાઈ દલાભાઈ ડામોર પોતાના ઘરે જતા હતા ત્યારે દલાભાઈ કાળુભાઈ ડામોરને તેમના ભાઈ સુરમાભાઈએ જણાવ્યુ હતુ કે તેમના દિકરા બાબુ ઉર્ફે બાપુ બાબલીયા ચોકડી પાસે મોડાસા થી ગોધરા જતા હાઈવે ઉપર પિયાગો રિક્ષામાંથી પડી જતા એકસીડેન્ટ થયેલ છે તેમ કહેતા દલાભાઈ તથા સુરમાભાઈ બાબલીયા ચોકડી ઉપર ગયા હતા અને બાબુભાઈનુ એકસીડેન્ટ થતાં મોત નીપજવા પામેલ હતુ.

બનાવ અંગેની ફરિયાદ કાળુભાઈ ડામોરે બાકોર પોલીસ સ્ટેશને કરતા બાકોર પોલીસે આ અજાણ્યા રિક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરા શહેરની ગાયિકા સાંત્વની ત્રિવેદીના સુરમાં પ્રાચીન ભજન આત્માની ઓળખને મળી રહ્યો છે બહોળો પ્રતિસાદ

ગોધરા,
ગુજરાતી ફિલ્મ કલાકાર મલ્હાર ઠક્કર અને યુવા ગાયિકા સાંત્વની ત્રિવેદી ધ્વારા રજુ કરવામાં આવ્યું પ્રાચીન ભજન લોકોએ ખુબ જ વધાવ્યું. ફિલ્મ નિર્માતા જીગર ચૌહાણ અને સંગીતકાર રાહુલ મુંજારિયા એ જીવંત કર્યું પ્રાચીન ભજન આત્માની ઓળખ.

ગુજરાતી ફિલ્મના સુપર સ્ટાર મલ્હાર ઠક્કરને લઈને ફિલ્મ નિર્માતા જીગર ચૌહાણે ગજરાતી પ્રાચીન ભજન આત્માની ઓળખ થોડા સમય પહેલા ક્રિસ્ટલ કલર્સ ઈવેન્ટ સ્ટુડિયો ચેનલ પર લોન્ચ કર્યું



હોવાનું જણાય છે.

યુવા ગાયિકા સાંત્વની ત્રિવેદી ના અવાજમાં ગવાયેલા ગીત નવી પેઢીને પસંદ આવે એવા સંગીત સાથે યુવાનોમાં ખુબ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. આ ગીત આત્માની ઓળખ પ્રાચીન સમયમાં ઘણા બધા કલાકારો ધ્વારા રજુ કરવામાં આવ્યું છે. ઉપરાંત મિરાબાઈ એ પણ આ ગીતને પ્રસ્તુત કર્યાની લોક વાયીકા છે. ૮૪ લાખ અવતાર પછી આત્મા સાથેની ઓળખ હંસલો અને બગલાનો ભેદ એવા અનેક વિષય આ ગીતમાં ખુબ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

આ ગીતને યુવાનોની સાથે સાથે વડીલોમાં પણ ખુબ લોક પ્રિય બની રહ્યું છે. સંગીત કલાકાર રાહુલ મુંજારિયા એ મલ્હાર ઠક્કર જેવા ખુબ પરિપક્વ અભિનેતા એ પોતાના અભિનયથી આ ગીતને ખુબ સુંદર રીતે પ્રસ્તુત કર્યું છે. આજના સમયમાં યુવાનોમાં ખુબ લોકપ્રિય અને પોતાના ફોક ફ્યુઝન ગીતોથી લોક પ્રિય બનેલા ગાયિકા સાંત્વની ત્રિવેદી દ્વારા આ ગીતને મધુર આવાજ દર્શાવવામાં આવ્યું.

આ ગીતને ફિલ્માંકન કરવામાં આવ્યું ઝીઝુંવાડા ગામમાં જ્યાં ના લોકોનો ખુબ સુંદર પ્રતિસાદ મળ્યો.જે રીતે આ ગીતને લોકો તરફ થી પ્રેમ મળી રહ્યો છે. એ મુજબ આ ગીત ઘણા રેકોર્ડ તોડવાની દિશામાં આગળ વધી રહ્યુ છે.

# મહીસાગર જિલ્લા માટે રાહતના સમાચાર : સતત સાતમા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લા માટે આજે સતત સાતમા દિવસે પણ રાહતના સમાચાર આવ્યા છે. આજે સતત સાતમા દિવસે પણ જિલ્લામાં નવો કોરોનાનો એક પણ કેસ નોંધાવા પામેલ નથી.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૭-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૮૪૪૫૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જયારે ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૨ દર્દી હોમ આઈસોલેશનમાં અને ૦૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૩ દર્દીઓ સ્ટેબલ છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૮-૦૬-૨૦૨૧, સોમવાર, જેઠ વદ-૪, સૂર્યોદય-૫-૨૫, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ધનિષ્ઠા

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# ગોધરા પાલિકાની જગ્યા પર કબ્જો કરનાર વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ કાર્યવાહી કરાશે

ગોધરા,
ગોધરા શહેરમાં નગરપાલિકાની લગડી જગ્યામાં ગેરકાયદે રીતે કબ્જો જમાવીને બેઠા છે એવી જગ્યાઓ ખાલી કરાવવા પાલિકામાં ઠરાવ કરવાની કાર્યવાહી પણ કરી છે ત્યારે ગોધરા નગરપાલિકાના નગર નિયોજન અધિકારીના જણાવ્યાનુસાર ગોધરા શહેરમાં હાલ ચાર જગ્યા પર ગેરકાયદેસર અડ્ડો જમાવીને બેસનાર સામે કડક કાર્યવાહી કરીશુ. આ પાલિકાની જગ્યાઓમાં તળાવના કિનારે એક દુકાનદારે જમીન પચાવીને બાંધકામ કરેલ, કલાલ દરવાજા પાસેનુ પાલિકાનુ બિલ્ડિંગ, એકસ-રે હાઉસ તથા ખાડી ફળિયામાં આવેલ પાલિકાની જમીન પર ગેરકાયદે કબ્જો જમાવનાર સામે લેન્ડગ્રેબિંગ એકટ મુજબ કાર્યવાહી કરીને પાલિકાની લગડી જગ્યા ખાલી કરવામાં આવશે તેમ પાલિકાના અધિકારીએ જણાવ્યુ હતુ. આ પાલિકાની જગ્યા માટે જરૂરી કાર્યવાહી પુર્ણ થઈ ગઈ છે. થોડા જ દિવસોમાં પાલિકાની કરોડો રૂપિયાની જમીનો પરથી ગેરકાયદેસર કબ્જો હટાવવામાં આવશે.

# ગોધરા તાલુકાના દયાલ કાંકરાની પરણિતાએ સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી

ગોધરા,
ગોધરા તાલુકાના દયાળ કાંકરા ફળિયાની પરણીતાને પતિ સહિત સાસરિયાઓ દ્વારા શારીરિક માનસિક ત્રાસ તેમજ માર મારતા પરિણીતાએ સાસરિયાઓની વિરૂદ્ધમાં પોલીસ ફરિયાદ નોંધાવી.

ગોધરા તાલુકાના દયાળ કાંકરા ફળીયા ખાતે રહેતી પરિણીતાએ પોતાના પતિ સહિત સાસરિયાઓ વિરૂદ્ધ શારીરિક માનસિક ત્રાસ તેમજ માર મારવાના આરોપસર ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જેમાં ફરિયાદ અનુસાર કૈલાશબેનના લગ્ન દયાળ કાંકરા ફળિયાના જીગર મછાર સાથે આઠેક વર્ષ પહેલાં થયા હતા. લગ્ન બાદ પતિ અવાર નવાર દારૂ પીને આવતો હતો અને કોઈ કામધંધો કરતો ના હતો.જેથી પરિણીતાએ પતિને દારૂ ના પીવા અને કંઈક કામ ધંધો કરવાની ટકોર કરતા પતિદેવ પરણીતા પર ઉશ્કેરાઈ ગયા હતા અને આ મામલે પરિણીતાએ સાસુ સસરા ને વાત કરતા તેઓ પણ પુત્ર નો પક્ષ લઈ મારો છોકરો તો દારૂ પીસે તારે એને કશું કહેવાનું નહીં.આથી પરણીતા કંટાળી ને પોતાના પિયરમાં જતી રહી હતી અને પતિ વિરૂદ્ધ ખાધા ખોરાકીનો કેસ કરતા વર્ષ ૨૦૨૦ માં સમાધાન થયું હતું. ત્યારબાદ પરણીતા નો પતિ ફરીથી દારૂના રવાડે ચઢી ગયો હતો અને કામ ધંધો કરતો ના હતો. આથી તેને કહેવા જતા સાસુ સસરા દ્વારા પરિણીતાને જણાવ્યું હતું કે તારે ઘર ચલાવવું હોય તો તારા પિયરમાંથી સામાન લઈ આવી ઘર ચલાવ અમારો છોકરો તો દારૂ પીશે.આથી આ મામલે તકરાર થતા સાસરિયાઓ એ પરિણીતાને ગડદાપાટુ નો માર મારી તેમજ પતિદેવે પરિણીતાને લાકડા ના ડફણાં થિ સખત માર માર્યો હતો.જેથી પરિણીતાએ સાસરિયાઓ વિરૂદ્ધ ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ ના આધારે વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડિસેમ્બર સુધી ૧૩૫ કરોડ ડોઝ ઉપલબ્ધ થશે, મે મહિનામાં ૨૧૬ કરોડ ડોઝનો દાવો કર્યો હતો

ન્યુ દિલ્હી,
દેશમાં ઝડપથી ચાલી રહેલા વેક્સિનેશન અભિયાનની વચ્ચે કોરોના વેક્સિન પર કેન્દ્ર સરકારે અચાનક યુ-ટર્ન લઈ લીધો છે. મેમાં જ્યારે દેશભરમાં વેક્સિનની તંગી સામે આવી હતી ત્યારે સરકારે દાવો કર્યો હતો કે ૩૧ ડિસેમ્બર સુધી દેશને ૨૧૬ કરોડથી વધારે ડોઝ મળી જશે, પરંતુ હવે સુપ્રીમ કોર્ટમાં દાખલ સોગંદનામામાં કેન્દ્રએ જણાવ્યું કે ડિસેમ્બર સુધી તેને ફક્ત ૧૩૫ કરોડ ડોઝ જ મળશે. એટલે



કે મહિનાભરમાં જ કેન્દ્રએ આ વર્ષ સુધી મળનારા વેક્સિન ડોઝમાં ૮૧ કરોડનો ઘટાડો કરી દીધો છે.

૧૩ મેના કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, તેને ઓગષ્ટથી ડિસેમ્બરની વચ્ચે ૮ વેક્સિનના ૨૧૬ કરોડથી વધારે ડોઝ મળવાની આશા છે, જેનાથી દેશની સમગ્ર વસ્તીને આ વર્ષના અંત સુધી વેક્સિનેટ કરવામાં આવી શકશે, પરંતુ સરકારે કહ્યું છે કે ઓગષ્ટથી ડિસેમ્બરની વચ્ચે ૧૩૫ કરોડ ડોઝ જ મળવાની સંભાવના છે. એટલું જ નહીં, કેન્દ્રએ પહેલા કહ્યું હતું કે, દેશમાં ૮ વેક્સિન ઉપલબ્ધ હશે, પરંતુ હવે સરકારે ૫ વેક્સિનની જ વાત કહી છે.

શનિવારના સુપ્રીમ કોર્ટમાં દાખલ સોગંદનામામાં કેન્દ્રએ જણાવ્યું છે કે, ઓગષ્ટથી ડિસેમ્બર ૨૦૨૧ની વચ્ચે કોરોના વેક્સિનના ૧૩૫ કરોડ ડોઝ જ દેશને મળી શકશે. જો કે કેન્દ્રએ એ પણ કહ્યું છે કે તેઓ ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી ટોટલ વેક્સિનેશન કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ સોગંદનામાં કેન્દ્રએ ડિસેમ્બર સુધી ૫ વેક્સિન આવવાનું જ અનુમાન લગાવ્યું છે, જ્યારે મેમાં ૮ વેક્સિનની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, "દેશમાં ૧૮ વર્ષથી ઉપરની વસ્તી લગભગ ૯૩થી ૯૪ કરોડ છે. આવામાં વસ્તીને વેક્સિનના બંને ડોઝ લગાવવા માટે ૧૮૬થી ૧૮૮ કરોડ ડોઝની જરૂરિયાત રહેશે. આમાંથી ૫૧.૬ કરોડ ડોઝ ૩૧ જુલાઈ ૨૦૨૧ સુધી રાજ્યોને આપવામાં આવશે, ત્યારબાદ સંપૂર્ણ વસ્તીને વેક્સિનેટ કરવા માટે ૧૩૫ કરોડ ડોઝની જ જરૂરિયાત હશે.

આ સિવાય દેશવ્યાપી રસીકરણના આંકડાઓ સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરતાં કેન્દ્રએ જણાવ્યું કે, અત્યાક સુધી ૪૫થી વધુ વયના ૪૪.૨ ટકા લોકોને રસીનો પહેલો ડોઝ લાગી ચૂક્યો છે. ૧૮થી ૪૪ વચ્ચેના ૧૩ ટકા લોકોને રસીનો પહેલો ડોઝ લાગ્યો છે અને રસી માટે યોગ્ય કુલ વસ્તીમાંથી ૨૭.૩ ટકા વસ્તીને રસીનો પહેલો ડોઝ લાગી ચૂક્યો છે.

# ડેલ્ટા પ્લસ વેરિઅન્ટઃ પંજાબ-હરિયાણામાં નવા-૩ મામલા, ચંડીગઢમાં નોંધાયો પહેલો કેસ

ન્યુ દિલ્હી,
દેશમાં કોરોના કેસ ૪૮ હજારથી નીચે આવી ગયા છે, જે એક રાહતના સમાચાર માનવામાં આવે છે, પરંતુ કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટથી ડોકટરો અને સરકાર ચિંતામાં છે. દેશમાં ડેલ્ટા વેરિઅન્ટના કેસો અટકવાનું નામ નથી લઈ રહ્યા. દેશમાં અત્યાર સુધીમાં કુલ પચાસથી વધુ કેસ નોંધાયા છે. કેન્દ્રએ આઠ સૌથી અસરગ્રસ્ત રાજ્યોને એક પત્ર લખીને સાવચેત રહેવાની ચેતવણી આપી છે.

હવે ડેલ્ટા વેરિઅન્ટનો પહેલો કિસ્સો પંજાબ અને હરિયાણાની રાજધાની ચંડીગઢમાં સામે આવ્યો છે. આ ઉપરાંત ડેલ્ટા વેરિઅન્ટના બે કેસ પંજાબ અને એક હરિયાણામાં પણ મળી આવ્યા છે.

જો આપણે પંજાબમાં કોરોના કેસની વાત કરીએ, તો છેલ્લા ચોવીસ કલાકમાં પંજાબમાં ૩૦૮ નવા કોરોના કેસ મળી આવ્યા છે અને ૧૫ મોત થયા છે, જેના કારણે કુલ કોરોના કેસ ૫,૯૪,૫૮૬ પર પહોંચી ગયો છે જ્યારે કુલ મૃત્યુ આંક ૧૫,૯૭૯ પર પહોંચી ગયો છે. પંજાબના આરોગ્ય મંત્રાલયના બુલેટિન મુજબ, પંજાબમાં હવે કુલ ૪,૩૭૬ એક્ટિવ કેસ બાકી છે.

ડેલ્ટા વેરિઅન્ટની વાત કરીએ તો, ગુજરાતમાં પણ ડેલ્ટા વેરિઅન્ટની પુષ્ટિ થઈ છે, જ્યાં વડોદરા અને સુરતમાં બે ડેલ્ટા વેરિએન્ટ કેસ મળી આવ્યા છે. જેમાં એક પુરુષ અને એક સ્ત્રી છે. આ કેસો સામે આવ્યા બાદ ગુજરાત સરકાર એલર્ટ થઈ ગઈ છે.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે રાજ્યમાં સર્વે શરૂ કરી દીધો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના ૧૨૩ નવા કેસ મળી આવ્યા છે. ગુજરાતના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, કોરોના ૪૪૧૬ એક્ટિવ કેસ છે અને માત્ર ૩૮ કોરોના દર્દીઓ વેન્ટિલેટર પર છે.

# દાહોદ જિલ્લામાં નકલી બિયારણો ઉંચી કિંમતે વેચી ખેડુતોને છેતરવાનુ સામે આવ્યુ

દાહોદ,
દાહોદ જિલ્લામાં કેટલાંક લોકો ખોટી રીતે ખેડુતોને નકલી બિયારણો ઉંચી કિંમતે વેચતા જોવા મળ્યા છે. જિલ્લાના ખેડુતો આ અંગે જાગૃત થાય અને કેટલીક તકેદારીઓ રાખે તેમ નાયબ ખેતી નિયામક વિસ્તરણે જણાવ્યુ છે.

કૃષિ વિભાગની સ્કવોર્ડ દ્વારા ગત તા.૧૫ જુનના રોજ ધાનપુર તાલુકાના ખેડુતોના ઘરે પુછપરછ કરતા અજાણ્યા ઈસમ દ્વારા બિયારણ ઉંચી કિંમતે વેચ્યુ હોવાનુ જણાયુ હતુ. આ કપાસના બિયારણના પેકેટ ઉપર કાયદાની જોગવાઈ મુજબની વિગતો દર્શાવેલ ન હતી તથા કંપનીનુ નામ બોગસ હોવાનુ જણાયુ હતુ. આ કપાસ બિયારણને કાર્યવાહી અર્થે જપ્ત કરવામાં આવ્યુ હતુ. ખેડુતની બાતમીના આધારે ખોખરા ગામે નરેસ ચામઠાના ઘરે તપાસ કરતા તેઓ નાસી ગયા હતા ઘરમાં ડુપ્લિકેટ મટીરીયલ્સ ધ્યાને આવતા રૂમ સીલ કરવામાં આવ્યો હતો. ગત ૨૧ જુનના રોજ બંધ ઘરમાંથી કપાસ પાકના નકલી બિયારણના ૧૬ પેકેટ અંદાજિત રૂ.૧૪,૪૫૦ જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નકલી બિયારણ વેચાણ અટકાવવા પોલીસ સ્ટેશનમાં જાણ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખેડુતો આ રીતે છેતરાય નહિ એ માટે દાહોદ જિલ્લાના ખેડુતોને કેટલીક કાળજી રાખવા ના.ખેતી નિયામક એ કેટલીક અગત્યની માહિતી જણાવી છે. ખાતર, બિયારણ, દવા લાયસન્સ ધારક દુકાનોમાંથી ખરીદી કરી બિલ સાચવી રાખવા, અજાણ્યા ઈસમો પાસેથી બિલ વિના સીધી ખરીદી કરી હોય, આવી કોઈ બાબતો ધ્યાને આવે તો ના.ખેતી નિયામક દાહોદની કચેરીએ જાણ કરવી, જેથી જવાબદારો સામે કડક કાર્યવાહી કરી શકાય.

# દૈનિક રાશીફળ

તા.૨૮.૦૬.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઈ.):- વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

કર્ક(ડ.હ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

સિંહ(મ.ટ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

તુલા(ર.ત.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

મકર(ખ.જ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

કુંભ(ગ.શ.સ.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

મીન(દ.ચ.ઝ.):- કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમે સારૂ એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

# સ્માર્ટ સીટી ક્યારે બનશે : દાહોદ સ્માર્ટ સીટી રેન્કીંગમાં ૪૧મા ક્રમે આવતાં ગુજરાતની અન્ય સ્માર્ટસીટીઓની સરખામણીએ નબળી કામગીરી

દાહોદ,

સુરત પ્રથમ નંબરે, અમદાવાદ, વડોદરા, રાજકોટમાં થતી આયોજનબદ્ધ કામગીરીને કારણે દેખાવ સારો વિશાળ મહાનગરો મોખરે પણ ૬ કીમીની ત્રિજ્યામાં વસેલુ દાહોદ સ્માર્ટસીટીના નામે બદસુરત થયુ.

કેન્દ્ર સરકારે દેશના ૧૦૦ શહેરોનો સમાવેશ સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં કર્યો છે.તેમાં દાહોદની પસંદગી પણ થયેલી છે.જ્યારે આ જાહેરાત થઈ ત્યારે દાહોદવાસીઓની છાતી ગજ ગજ ફુલતી હતી, પરંતુ હાલ સુધી પરિણામલક્ષી કશુંએ દેખાતુ નથી. હાલમાં સ્માર્ટસીટીના કરોડોના પ્રોજેક્ટ ચાલી રહ્યા છે, ત્યારે હાલમાં જ થયેલા સર્વેક્ષણમાં દાહોદનો સ્માર્ટ સીટી રેન્કીંગમાં ૪૧ મા ક્રમે હોવાની સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ છે. સ્માર્ટસીટીના પ્રથમ ૧૦૦ શહેરોની યાદીમાં એક માત્ર દાહોદ શહેર એવુ છે કે મહાનગર પાલિકામાં સમાવિષ્ટ નથી.ત્યારે એમ કહેવાતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમી દ્રષ્ટિ દાહોદ પર હોવાને કારણે પસંદગી થઈ છે અને તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. કારણ કે સંઘર્ષ કાળમાં આ મુઠ્ઠી ઉંચેરા માનવીએ કેટલીયે કાળી રાતો દાહોદમાં વીતાવી હોવાનું તેમના દ્વારા જ જાહેર થયેલુ છે. દાહોદમાં સ્માર્ટ સીટીના વિવિધ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે, પરંતુ તેમાં સંકલનનો સદંતર અભાવ હોવા છતાં જવાબદારોની આંખો સંશોધનિય કારણોસર ઉઘડતી નથી.ખાડે ગયેલા વહીવટને કારણે જ શહેર આખુ ખાડામાં ગયુ છે. ત્યારે હજી એકેય મોટો વરસાદ થયો નથી તેમ છતાં ઝરમરિયામાં જ કાદવ કીચડને કારણે શહેરીજનોને રસ્તેથી નાકળતાં આંખે પાણી આવી ગયા હતા.પાાલિકાના ચીફ ઓફિસર બિન્દાસ્ત જણાવે કે સ્માર્ટ સીટીના કામો પર અમારૂં કોઈ નિયંત્રણ નથી તે કલેક્ટરના તાબામાં કામ થાય પરંતુ શહેરીજનોને વિટંબણા થાય તેનું નિવારણ કઈ રીતે કરવુ તે પાલિકાના અધિકારીની કે પદાધિકારીઓની જવાાબદારી નથી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સ્માર્ટસીટીના સોનેરી સપના વચ્ચે કેટલીયે સમસ્યાઓમાં શહેરીજનો સબડી રહ્યા છે તેમ છતાં સોશ્યલ મિડીયા પૂરતાં શૂરવીરો પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યા છે અથવા તો નપાણીયા સાબિત થઈ રહ્યા છે.કારણ કે જે સ્માર્ટસીટીમાં ૨૪ કલાક શુધ્ધ પાણીની જોગવાઈ છે તે શહેરમાં પાલિકા બે દિવસે પણ છતાં પાણીએ પાણી પહોંચાડી શક્તી નથી.રસ્તાઓ, પેચીંગ, ભુગર્ભ ગટરના ઢાંકણા કે પાણીના નિકાલની કામગીરી ઓઢેધડ થઈ રહી છે.રસ્તા પર રખડતા ઢોરની સમસ્યા પણ હવે સાંઢ જેવી જ બિહામણી થઈ ગઈ છે પરંતુ પાલિકાએ જાણે પશુઓ શહેરીજનોને પાળવા આપ્યા હોય તેમ લાગી રહ્યુ છે.

આટલી વિકરાળ પરિસ્થિતિમાં પણ દાહોદનો નાગરિક હજીએ આશાવાદી છે કે, જ્યારે સ્માર્ટ સીટી બની જશે ત્યારે સૌ સારા વાના થશે પરંતુ હાલમાં જ જાહેર થયેલા રેન્કીંગમાં સ્માર્ટસીટી દાહોદ ૪૧માં ક્રમે હોવાની સત્તાવાર જાણકારી મળી છે.વડોદરા ૨૦ ક્રમે છે અને રાજકોટ, અમદાવાદનો દેખાવ સારો છે. ત્યારે સુરતે તો શહેરની સુરત જ બદલી નાખતા પ્રથમ ક્રમે આવ્યુ છે. આમ કિલોમીટરોમાં વિસ્તરેલા મહાનગરોમાં આયોજનબદ્ધ કામ થતા હોવાનો આ પુરાવો છે. ત્યારે માત્ર ૬ કિલોમીટરની ત્રિજ્યામાં વસેલા દાહોદ શહેર અણઘડ આયોજનને કારણે બદસુરત થઈ ગયુ છે.

નવા કલેક્ટર આ પહેલાં હોદ્દાની રૂએ દાહોદ સ્માર્ટ સીટી કંપનીના સીઈઓ હતા. હવે તેઓ જ ચેરમેન છે, ત્યારે દાહોદવાસીઓને આશાનું વધુ એક કિરણ દેખાયુ છે. કારણ કે હવે દાહોદમાં જ રહીને ચેરમેન તરીકે તેઓની સીધી નજર રહેશે.



તા.૨૭/૦૬/૨૦૨૧ના રોજ દાહોદ જીલ્લામાં આવેલા ગરબાડા તાલુકાના પાટાડુંગરી ડેમ ખાતે દાહોદ જિલ્લા ઉપપ્રમુખ દેવેન્દ્ર મેડાની અધ્યક્ષતામાં ભારતીય ટ્રાઈબલ પાર્ટી અને ભારતીય ટ્રાયબલ ટાઈગર સેના BTTS ને મજબૂત બનાવી અને આવનાર વિધાનસભા ચૂંટણી વીસે સર્સા વિસારના કરવામાં આવી તેમજ ગરબાડા તાલુકાની BTP, BTTSના હોદેદારોને ટૂંક સમયમાં વર્ણી કરવામાં આવશે, તેમજ ગરબાડા તાલુકાના મોટી સંખ્યામાં સામાજિક કાર્યકર્તા પણ હાજર રહ્યાં હતાં.

# દે.બારીયા મામલતદાર ઓફિસમાં આવતા અરજદારોના માટે પંખા અને ટ્યુબ લાઈટ બંધ હોવાથી હેરાન પરેશાન છે

દે.બારીયા,

દે.બારીયા તાલુકો અને શહેરને દાહોદ જીલ્લાના તાલુકાઓમાં મૉડેલરૂપી તાલુકો ગુજરાતની સંવેદનશીલ તેમ ગતિશીલ સરકારે ઘોષીત કર્યો છે. તેમ છતાં આ મોડેલરૂપી તાલુકામાં તાલુકાની મુખ્ય ઓફિસ મામલતદાર ઓફિસમાં અંધેર વહિવટ છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારો માંથી આવતં અરજદારો જાતિ તેમજ આવક અંગેના પ્રમાણપત્રો મેળવવા માટે આવતા હોય છે. ફલોર ખંડમાં દિવસે અંધાર પટ છવાયું રહે છે. વાદળ છવાયું વાતાવરણના કારણે ટ્યુબ લાક્ડીઓ તમામ બંધ હાલતમાં છે. પંખા બંધ એક ખુણામાં નામ પૂરતો એક પંખો ચાલું છે. આટલા મોટા ખંડમાં એક પંખો શું પવન આપતો હશે જેથી અરજદારોને ગરમીમાં સેકાવવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા મામલતદાર ઓફિસમાં પંખા તથા ટ્યુબ લાકડીઓ બંધ હાલતમાં હોવાથી અરજદારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી લાગતા વળગતા પદના અધિકારીઓ તમામ ટ્યુબ લાકડીઓ તથા પંખાને ચાલુ કરવામાં આવે તેવી આમ જનતા ગરીબ અરજદારોની માંગ ઉઠવા પામી છે. આખા ખંડમાં અંધારું છવાયેલું રહે છે અને ગરમી થી પરસેવો રેબઝેર જઈ જવાય છે. આ મોડેલ તાલુકાનો ખિતાબ જાળવી રખાયો હોય તો આ અરજદારોની પ્રાથમિક સુવિધા ક્યારે બહાલ કરવામાં આવશે ? અરજદારો સ્ટેમ્પ ડ્યુટી ભરી ઓફિસને લાગત કાર્યો કરવા માટે આવતા હોય છે. તો આ પ્રાથમિક અને મૌખિક સુવિધા અરજદારોને મળશે ખરી ? હવે ક્યારે અને કેટલી જલ્દી મામલતદાર ઓફિસનું અંધેર વહિવટમાં સુધારો થશે તે આવનારો સમય બતાવશે.

# ફતેપુરા તાલુકાના સરકાર માન્ય એગ્રો સેન્ટર સંચાલકો દ્વારા ખેડૂતો પાસેથી ખાતરના અલગ-અલગ વસુલાત કરાતા ભાવ

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં ધીમીધારે વર્ષારાણીના થયેલા આગમનના ઈશારે ખેડૂતો ખેતીકામમાં જોતરાઈ ચૂક્યા છે.તથા ખાતર અને બિયારણ માટે દોડાદોડી કરી રહ્યા છે. જોકે ફતેપુરા તાલુકાના મોટાભાગના વિસ્તારોમાં ખેતી લાયક વરસાદનો અભાવ જોવા મળે છે. છતાં સામાન્ય વરસાદથી ખેડૂતો ખેતરોમાં ઓરણી અને વાવણી કરવાના કામે લાગી ગયા છે. ત્યારે હાલ ખાસ કરીને ખાતર અને બિયારણની જરૂરિયાત છે. તેવા સમયે ફતેપુરા તાલુકામાં સરકાર માન્ય કેટલાક એગ્રો સેન્ટરોમાં ખાતરના અલગ–અલગ ભાવ વસુલાત કરવામાં આવતા હોવાનું પ્રત્યક્ષ જોવા મળે છે. ત્યારે લાગતા–વળગતા તંત્ર દ્વારા ધ્યાન આપવાની જરૂર જણાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકામાં ગત વર્ષોની સરખામણીએ ખેતી લાયક વરસાદનો અભાવ જોવા મળે છે.તેમજ થયેલ સામાન્ય વરસાદથી ખેડૂતો મકાઈ, તુવર,અડદ, સોયાબીન, ડાંગરનો ધરૂ જેવા ખેતી પાકો માટે ટૂંક સમયમાં સારો વરસાદ થઈ જશે તેવી આશાએ ઓરણી અને વાવણી કરવાના કામે લાગી ચૂક્યા છે. હાલના સમયમાં ખેડૂતોને ખાતર તથા બિયારણની જરૂરત છે. તેવા સમયે કેટલાક સરકાર માન્ય એગ્રો સેન્ટરોમાં ખાતરની તંગી જોવા મળે છે.જ્યારે અનેક સરકાર માન્ય એગ્રો સેન્ટરમાં એક જ ખતરના અલગ–અલગ દુકાનોમાં ભાવની પૂછપરછ કરતા જુદા–જુદા ભાવ બતાવવામાં આવી રહ્યા છે.તેમાં યુરિયા ૪૫ કિલો ખાતરની એક બેગ ના સુખસરના એક એગ્રો સેન્ટરમાં રૂપિયા–૩૧૦/–બીજા એગ્રો સેન્ટરમાં રૂપિયા–૨૯૦/–જ્યારે ત્રીજા એગ્રો સેન્ટરમાં રૂપિયા–૨૮૦/–ના ભાવે ખાતર વેચાણ થતું હોવાનું જાણવા મળે છે.આમ એક જ ખાતરના અલગ–અલગ એગ્રો સેન્ટરોમાં ખેડૂતો પાસેથી જુદા–જુદા ભાવો વસુલાત કરવામાં આવી રહ્યા છે.ત્યારે લાગતા–વળગતા તંત્રોની કેટલાક સરકાર માન્ય એગ્રો સેન્ટર સંચાલકો ઉપર લગામ ન હોય તેવું જણાઈ રહ્યું છે.ત્યારે ખાતરમાં નિયત ભાવથી ખેડૂતો પાસેથી વધુ નાણાં પડાવતા એગ્રો સંચાલકો સામે કાયદાકીય કાર્યવાહી કરી તેમના એગ્રો સેન્ટરનું લાયસન્સ રદ કરી ખેડૂતો સાથે ઉઘાડી લૂંટ કરતા એગ્રો સંચાલકોની શાન ઠેકાણે લાવવી જરૂરી જણાય છે.

# દાહોદ જીલ્લામાં આજે કોરોના આંક શૂન્ય રહ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે પણ કોરોનાનો શુન્ય કેસ નોંધાયો છે. આર.ટી.પી.સી.આર અને રેપીટ ટેસ્ટના ૨૧૯૪માંથી એક પણ કેસ પોઝીટીવ નોંધાયો નથી. સદંતર શુન્ય કેસો નોંધાતાં ટુંક સમયમાં દાહોદ જિલ્લો કોરોના મુક્ત થવાની કગારે ઉભો છે. ત્યારે એક્ટીવ કેસની સંખ્યા પણ જુજ છે. દાહોદ જિલ્લાના તમામ શહેરી વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારો કોરોના મુક્ત થઈ રહ્યાં છે. છેલ્લા કેટલાંક દિવસોથી કોરોનાના કેસોમાં શુન્ય આંકડો આવી રહ્યો છે જે રાહતના સમાચાર છે. કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવી મુક્યો હતો ત્યારે કોરોનાના ઘટતાં કેસો અને શુન્ય કેસોને પગલે જિલ્લાવાસીઓ સહિત જિલ્લા વહીવટી તંત્ર સમેત આરોગ્ય તંત્રએ રાહત અનુભવી છે. આજે ૦૧ દર્દી કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજાઆપવામાંઆવી હતી. એક્ટીવ કેસની સંખ્યા માત્ર ૦૨ જ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૩૮ ને પાર થઈ ચુંકી છે. ત્યારે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૨ ઉપર પાર થઈ ચુંકી છે.

# ઝાલોદ ધાવડીયા ચેક પોસ્ટ આઈ ટેનમાં લઈ જવાતો ૯૪ હજારનો દારૂ ઝડપ્યો

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામે ચેકસ્પોટ પરથી પોલીસની નાકાબંધ દરમ્યાન પોલીસે એક આઈટેન ફોન વ્હીલર ગાડીમાંથી કુલ રૂા.૯૪,૩૬૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૧,૯૪,૩૬૦ નો મુદ્દામાલ કબજે કરી ગાડીના ચાલક સહિત બે જણાની અટકાયત કરી જ્યારે વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર તેમજ મંગાવનાર વિરૂધ્ધ પણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શાહરૂખ નવીન બક્ષજાતે મનસુરી અને તેની સાથે સકીલખાન રસીદભાઈ પઠાણ (બંન્ને રહે.તા.જી. ભીલવાડા, રાજસ્થાન) આ બંન્ને જણા ગત તા.૨૬મી જુનના રોજ પોતાના કબજાની આઈ ટેન ફોર વ્હીલર ગાડીમાં બેસી ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન નાકાબંધીમાં ઉભેલ પોલીસને આ ગાડી પર શંકા જતાં પોલીસે ગાડી સાથે ઉપરોક્ત બંન્ને ઈસમોની અટકાયત કરી હતી અને પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે તેઓની આઈ ટેન ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૧૩૪૮ જેની કિંમત રૂા.૯૪,૩૬૦ અને ગાડીની કિંમત મળી કુલ રૂા.૧,૯૪,૩૬૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત બંન્ને ઈસમોની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો વડોદરા ખાતે રહેતાં વિશાલભાઈ હરીહરભાઈ કહાર અને વિશાલનો મોટો ભાઈ એમ બંન્ને જણાએ ભરી આપ્યો હોવાનું સામે આવ્યું હતું.

આ સંબંધે ઝાલોદ પોલીસે ઉપરોક્ત ચારેય ઈસમો વિરૂદધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલી રેન્જ દ્વારા જંગલ વિસ્તારમાં ૮૦૦થી ૧૦૦૦ હેકટરમાં દબાણ દૂર કર્યા

સંજેલી,

સંજેલી તાલુકો એ ડુંગરાળ વિસ્તારમાં ફેલાયેલ તાલુકો છે. જેની આસપાસ ડુંગરોની ચાદરો ફેલાયેલ તાલુકો છે. ત્યારે સંજેલી વનવિભાગ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરીની જહેમત ઉઠાવી હતી. આવનારા વર્ષોમાં સંજેલીના ડુંગરો હરિયાળી મય બનશે જંગલ વિસ્તારના ડુંગરો આવનારા સમયમાં વૃક્ષોથી હર્યાભર્યા જોવા મળશે, ૧૧૮ હેકટર જંગલ વિસ્તારોમાં રોપાનું વાવેતર કરી આવનારા વર્ષોમાં સંજેલીના ડુંગરો પ્રાણવાયુ ઉત્તપન્ન થશે સંજેલી રેન્જ વિભાગ દ્વારા જંગલ વિસ્તારોમાં રોપાની વાવણીનો આખરી ઓપ આપવામાં આવ્યો છે. નાયબ વન સંરક્ષક આર.એમ.પરમાર તથા મદદનીશ વન સંરક્ષક મીનલ જાની માર્ગદર્શન અને સૂચના મુજબ બારીયા વન વિભાગની રેન્જ સંજેલીના પરિક્ષેત્ર વન અધિકારી આર.જે.વણકર તથા રેન્જ સ્ટાફ દ્વારા સંજેલી રેન્જ વિસ્તારમાં જંગલ સંરક્ષણ તથા સવર્ધનની ઉત્કૃષ્ટ ખુબ સરસ કામગીરી કરવામાં આવેલ છે. જે કામગીરીને સમગ્ર સંજેલી વાસીઓએ સંજેલી વનવિભાગને અભિનંદન પાઠવી ઉત્કૃષ્ટ કામગીરીના વખાણ કર્યા હતા.



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી રેન્જ જંગલ વિસ્તારમાં આશરે ૯૦૦ થી ૧૦૦૦ હેક્ટર વિસ્તારમાં દબાણ દૂર કરી સને ૨૦૧૯/૨૦ થી સને ૨૦૨૧/૨૨ ના વર્ષમાં રોપા વાવેતરની કામગીરી કરવામા આવી. સને ૨૦૨૧/૨૨ના વર્ષમાં સંજેલી રેન્જમાં ૧૧૮ હેક્ટર વિસ્તારમાં ચાલુ વર્ષે રોપા વાવેતર માટેની આગોતરા (એડવાન્સ) કામગીરીમાં રાજપુર હેક્ટર– ૨૦, વેલપુરા હેક્ટર –૧૦, કલજીની સરસવાણી હેક્ટર –૫, હિરોલા હેક્ટર– ૨૦, બોડા ડુંગર હેક્ટર –૩, કુંડા હેક્ટર –૧૫, મોટા કાળીયા હેકટર –૧૫, ભમેલા હેકટર–૧૦,મોલી હેક્ટર –૨૦, એમ કુલ ૧૧૮હેકટર વિસ્તાર માં રોપા વાવેતર માટે ખાડા , ભૂમિ અને ભેજ સંરક્ષણ કામગીરી જેવી કે કંટુર ટ્રેંચ, વન તલાવડી, ચેકવોલ, પરકોલેશન ટેન્ક અને પ્રોટેક્શન માટે બાઉંટ્રી ટ્રેંચ તથા તાર ફેન્સીંગની કામગીરી કરવામાં આવેલ છે.

જેમાં વાવેતર માટે લુપ્ત થતી જાતોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે જંગલ સંરક્ષણ અને સંવર્ધન માટે લોકજાગૃતિ માટે સહભાગી વન મંડળીઓ સાથે મળી ગામે–ગામે પર્યાવરણ વિશે જનજાગૃતિ તથા વનો વિશે સમજ આપી. વાવેતર કરેલ રોપા ઉછેર માટેની કામગીરી કરી. જેમાં હિરોલા દબાણવાળા જંગલ વિસ્તારમાં અતિ ઘર્ષણ થવા છતાં લોકો ને જંગલ નું મહત્વ સમજાવી રેન્જ સ્ટાફ દ્વારા સતત મહેનત કરી વાવેતરની કામગીરી કરવામાં આવેલ છે.

# દે.બારીયાના પીપલોદની પરણિતાનું અપહરણ કરી બાંસવાડા લઈ જઈ દુષ્કર્મ આચરતા ફરિયાદ

દે.બારીયા,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના પિપલોદ ગામેથી એક ૩૨ વર્ષીય પરિણીતાને બે ઈસમોએ ફોરવીલર ગાડીમાં બેસાડી અપહરણ કરી રાજસ્થાનના બાસવાડા મુકામે લઈ ગયા હતા અને જ્યાં બે પૈકી એકે પરિણીતા પર પાશવી બળાત્કાર ગુજારતા દાહોદ જિલ્લામાં ખળભળાટ પામ્યો છે. આ સંબંધે બન્ને યુવકોના ચંગુલમાંથી છુટી આવેલ પરણિતાએ દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને યુવકોના ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

મૂળ વડોદરા જિલ્લામાં અને હાલ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં રહેતી એક ૩૨ વર્ષીય પરણિતાને લીમખેડા તાલુકાના કોઠાર ગામે રહેતો કલ્પેશભાઈ અમરસિંગ ભાભોરે ગત તારીખ ૨૩મી જૂનના રોજ પરણિતાને દેવગઢ બારીયાના પીપલોદ બજારમાં બોલાવી હતી અને આ દરમિયાન લીમખેડા તાલુકાના ચોપાટ પાલ્લી ગામે રહેતો શૈલેષભાઈ સુનિલભાઈ દશામા પણ ત્યાં આવ્યો હતો અને આ શૈલેષભાઈ અને કલ્પેશભાઈ બંને જણાએ પરણિતાને પોતાની સાથે લાવેલ ફોર વ્હીલર ગાડીમાં બળજબરીપૂર્વક બેસાડી, ગાડીમાંથી ઉતરી છે તો તને જાનથી મારી નાખીશું, તેવી ધાક ધમકીઓ આપી પરિણીતાને રાજસ્થાનના બાસવાડા શહેરની આજુબાજુના વિસ્તારમાં લઈ જઈ ત્યાં ગાડી ઊભી રાખી હતી અને શૈલેષભાઈ સુનિલભાઈ દશામાએ પરણિતાને ગાડીની અંદરજ પરણિતાની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો અને તું મારી નહીં થાય તો હું તને કોઈની નહીં થવા દઉં, તેવી ધમકી આપી હતી.

આ બાદ ઉપરોક્ત બંને યુવકોના ચંગુલમાંથી છૂટી પરણિતા પોતાના દેવગઢ બારીયા તાલુકા મુકામે આવી હતી અને ઉપરોક્ત બનાવની હકિકત પોતાના પરિવાર અને કરતા પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને પરિણીતાને લઈ પરીવારજનો ૨૬ જૂનના રોજ દેવગઢ બારીયા પોલીસ મથકે આવ્યા હતા અને ઉપરોક્ત બંને યુવકો વિરૂદ્ધ પરિણીતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બન્ને યુવકોના ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દાહોદ જીલ્લા શિક્ષણ સંઘનો કાર્યક્રમ યોજાયો

દાહોદ,

આ ત્રિવેણી કાર્યક્રમ ઝાલોદ તાલુકા પ્રાથમિક શિક્ષક સોસાયટીમાં યોજાયો જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના માનનીય પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતિષભાઈ પટેલ, કાર્યાધ્યક્ષ પ્રમુખ પ્રભાતસિંહભાઈ ખાંટ, જિલ્લા પ્રાથમિક શિક્ષણા ધિકારી પારેખ, જિલ્લા સંઘના પ્રમુખ સુરતાનભાઈ કટારા, મહામંત્રી હસમુખભાઈ, દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારઓ, ૯ તાલુકાના ઘટક સંઘના પ્રમુખ–મંત્રીઓ, સહાયક મંડળના પ્રમુખ મંત્રીઓ સ્વર્ગસ્થ શિક્ષકોના વારસદારોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આગામી સમયમાં દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સમગ્ર જિલ્લાના એક સહાયક મંડળ રચના કરવામાં આવશે. જેમાંથી મૃત્યુ પામનાર શિક્ષકના વાલી વારસદારોને આર્થિક મદદ રૂપ બની શકાય.

- વધ ઘટ બદલી થી બીજા તાલુકામાં ગયેલા શિક્ષકોને વધ પરત કેમ્પ કરી માતૃ તાલુકાનો લાભ મળે... =ઈ એચ.ટાટ શિક્ષક મિત્રોની બદલી તથા અન્ય લાભો જલદી પ્રાપ્ત થાય.
- સાતમા પગાર પંચના લાભો મળે.
- પી.એફ. વાળા સિક્ષકોને જૂની પેંશન યોજનાનો લાભ મળે.
- ૧૦ વર્ષ વાળા સિક્ષકોને જિલ્લા આંતરિક બદલીમાં લાભ મળે.
- અરસ પરસ બદલીમાં વતનને દૂર કરવામાં આવે.
- જિલ્લા ફેર બદલી ૧૦૦ % છુટા કારવામાં આવે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- તારીખ ૨૪ ૬ ૨૦૨૧ ગુરૂવારના રોજ દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનો ત્રિવેણી કાર્યક્રમ યોજાયો
- આ કાર્યક્રમમાં કોરોના મહામારીમાં સ્વર્ગવાસ થયેલ પ્રાથમિક શિક્ષકોનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ
- સવ.. થયેલા પ્રાથમિક શિક્ષક ના કુટુંબ પરિવારને મદદરૂપ થવા માટે શિક્ષક સહાયક મંડળ તરફથી આર્થિક સહાય આપવાનો કાર્યક્રમ.
- દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની સંકલન સભા.

આવા અનેક મહત્વના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. શિક્ષકોના સ્પર્શતા પ્રશ્નો વહેલામાં વહેલી તકે ઉકેલ આવે તે માટે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના સરકારમાં રજુઆત કરી ઉકેલવા માટે હર હંમેશ પ્રયત્નશીલ છે અને ઉકેલ લાવવા માટે પ્રયત્નો હંમેશા રહેશે અને તેમાં ચોક્કસ સફળતા મળશે તેવું આશ્વાસન આપવામાં આવ્યું.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, મહામંત્રી, કાર્યદયક્ષ પ્રમુખ, દાહોદ જિલ્લાના પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારઓ ઘટક સંઘના પ્રમુખ, મંત્રીઓ તથા કારોબારી સભ્યો શિક્ષક ભાઈ–બહેનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ આપ સૌનો હદય થીખૂબ ખૂબ આભાર માને છે.

# દાહોદમાં રવિવારે વાણિજ્ય પ્રવૃત્તિ કરવા ઉપર પ્રતિબંધ ચાલુ રહી

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના વાયરસની સ્થિતિને ધ્યાને લઈ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને બજારોને સેનિટાઈઝ કરવાનો અવકાશ રહે એ માટે કલેક્ટર હર્ષિત ગોસાવીએ સમગ્ર જિલ્લામાં રવિવારે વાણિજ્યક પ્રવૃત્તિઓ કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે.

તેમણે જણાવ્યું છે કે, દાહોદમાં કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટે જાહેર સેનિટાઈઝેશનની કરવી પણ ખૂબ જ જરૂરી છે. એથી દાહોદ નગર સહિત સમગ્ર જિલ્લામાં રવિવારે વેપારીઓ પોતાની વાણિજ્ય પ્રવૃત્તિ કરી નહીં શકે. એટલે કે, વેપારીઓએ રવિવારે રજા રાખવાની રહેશે. આ બાબતે બીજી સૂચના ન મળે ત્યા સુધી આ વ્યવસ્થાને અનુપાલન કરવાનું રહે છે. જો કે, જીવનજરૂરી જેવી કે દવાઓ, દૂધ વેચાણની પ્રવૃત્તિ કરી શકાશે.

બાકીના દિવસોમાં પણ વેપારીઓ પોતાના વેપાર સ્થળોએ સામાજિક અંતરનું પાલન થાય એ સુનિશ્ચિત કરે, દૂકાનો ઉપર સેનટાઈઝરની વ્યવસ્થા અને ગ્રાહકો માસ્ક પહેરીને જ આવે તેનું પાલન થાય એ બાબત વેપારીઓએ જોવાની રહેશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 260

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા પાલિકા દ્વારા કાંટડી સબ સ્ટેશનની સાફ સફાઈ કરાઈ



ગોધરા,
અમદાવાદ સાબરમતી નદીમાંથી કોરોના ની હાજરી જોવા મળતા ગોધરા નગરપાલિકા તંત્ર પણ હરકતમાં આવ્યું હતું. જેને લઈ ગોધરા નજીક આવેલા કાંટડી સબ સ્ટેશન ખાતે સાફસફાઈ હાથ ધરવામાં આવી હતી.જેને કારણે ગોધરામાં બે દિવસ પાણી પુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો.ત્યારે સફાઈ પુરી થતા પુનઃ પાણી નો પુરવઠો રાબેતા મુજબ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ગોધરા શહેર સહીત પંચમહાલ જિલ્લામાં કોરોનાએ હાહાકાર મચાવ્યા બાદ કોરોના કાબુમાં આવતા જીલ્લા વહીવટીતંત્ર અને જીલ્લાવાસીઓ એ હાશકારો અનુભવ્યો છે. તો બીજીબાજુ તાજેતરમાં અમદાવાદ સાબરમતી નદીમાંથી લેવામાં આવેલા સેમ્પલ કોરોના હોવાની પુષ્ટિ થતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો અને સરકાર પણ હરકતમાં આવી હતી અને ત્યારબાદ રાજ્યના અન્ય શહેરો અને મહાનગરપાલિકા માંથી પસાર થતી નદીઓમાંથી પાણીના સેમ્પલ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેને લઈ ગોધરા નગરપાલિકા તંત્ર પણ હરકતમાં આવ્યું હતું. ગોધરા નગરપાલિકા પ્રમુખ અને ટીમે ગોધરાને પાણી પુરૂ પાડતા દરેક સંપ ખાતે સાફસફાઈ હાથ ધરવાની કામગીરી કરવામાં આવી હતી. ત્યારે ગોધરાના નગરજનોના આરોગ્ય ના હીતને દ્યાનમાં રાખીને આ કામગીરી હાથ ધરી હોવાનું પાલિકા પ્રમુખે જણાવ્યું હતું.જેમાં ખાસ કરી કાંટડી ખાતે આવેલા સબ સ્ટેશનની પ્રથમ વખત જરૂરી સફાઈ કરવામાં આવી હતી.જેના કારણે ગોધરા શહેરમાં આપવામાં આવતો પાણીપુરવઠો બે દિવસ માટે બંધ કરવામાં આવ્યો હતો. ત્યારે સફાઈ કામ પરીપુર્ણ થતા પાણીનો પુરવઠો પુનઃ રાબેતા મુજબ શરૂ કરવામાં આવ્યો.જેને લઈ નગરજનોએ પણ હાશકારો અનુભવ્યો છે.બે દિવસ પાણી પુરવઠો બંધ રહેતા નગરજનો ને પાણીની સમસ્યા સર્જાઈ હતી પરંતુ યોગ્ય સમય મર્યાદામાં સફાઈ કામગીરી પુર્ણ કરી પાણીનો પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો.

## સાબરમતી નદીમાં કોરોના વાયરસની હાજરી બાદ પાલિકા તંત્ર હરકતમાં આવ્યું

# પાવાગઢ યાત્રાધામ ખાતે દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટી પડયું



ગોધરા,
પંચમહાલ જીલ્લાના યાત્રાધામ પાવાગઢમાં રવિવારની રજા તેમજ લાંબા સમય થી માઈ ભકતો દર્શન માટે રાહ જોતા હોય તેવા દર્શનાર્થીઓનું ધોડાપુર જોવા મળ્યું હતું. લાંબા અંતરાલ બાદ પાવાગઢ ખાતે દર્શનાથીઓ અને સહેલાણીઓ ઉમટી પડતા સ્થાનિક ધંધાદારીઓમાં આનંદ જોવા મળ્યો.

કોરોના મહામારીના પ્રથમ વેવ અને બીજા વેવમાં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટ પાવાગઢ યાત્રાધામને દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યું હતું. મહાકાળી માતાના દર્શનના ઈચ્છુક દર્શનાર્થીઓમાં માતાજીના દર્શન થી વંચિત રહેતા દુઃખી થતા હતા. હાલમાં જ્યારે રાજ્યમાં કોરોનાની બીજી વેવમાં ઘટાડો થયો છે. ત્યારે રાજ્યભરમાં યાત્રાધામોને કોરોના ગાઈડ લાઈન મુજબ દર્શન માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. તેમાં પંચમહાલ જીલ્લાનું પાવાગઢ મહાકાળી માતાનું મંદિર પણ દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે. તેમાં પણ ચોમાસાની સીઝન શરૂ થતા પાવાગઢ ડુંગર કુદરતી સૌંદર્ય સોળે કલા એ ખુલતું હોય છે. જેને લઈ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ અને સહેલાણીઓ પાવાગઢ ખાતે પ્રવાસો આવતા હોય છે. આજે રવિવારનો દિવસ હોવાથી વહેલી સવાર થી પાવાગઢ યાત્રાધામ ખાતે ખૂબ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ અને સહેલાણીઓ ઉમટી પડયા હતા. પાવાગળ તળેટી થી પાવાગઢ ડુંગર સુધી જાણે સહેલાણીઓનું ધોડાપુર જોવા મળ્યું હતું. પાવાગઢ ખાતે રવિવારના દિવસે દર્શનાર્થીઓ ઉમટી પડતાં પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા બંદોબસ્ત ચુસ્ત કરવામાં આવ્યો હતો. સહેલાણીઓ અને દર્શનાર્થીઓને કોરોના ગાઈડ લાઈન માસ્કનો ઉપયોગ કરતા જોવા મળ્યા.

## લાંબા સમય બાદ પાવાગઢ માતાજીનું મંદિર દર્શન માટે ખુલતા માઈ ભકતો દર્શન માટે ઉમટી પડયા

# ગોધરા લાયન્સ કલબ દ્વારા કોરોના વોરીયર્સનું સન્માન કરાયું




ગોધરા,
ધી ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ લાયન્સ કલબ્સ, ડિસ્ટ્રીકટ ૩૨૩૨ એફ-૧,રિજીયન-૭,ઝોન-૧ લાયન્સ કલબ ઓફ ગોધરા પરિવાર દ્વારા હાલમાં ચાલી રહેલી કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિના સમયે આપેલી સ્વ યોગદાન,રાષ્ટ્ર હિતમાં સેવા આપનાર વ્યકિત તેમજ કલબના સન્માનિત વ્યક્તિનો સન્માન સમારોહ આજ રોજ ગોધરા શહેરની કલરવ હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવ્યો.

લાયન્સ કલબ સેવાકીય પ્રવૃતિ કરતી એક સામાજિક સંસ્થા છે. ત્યારે ગોધરા શહેરના કલરવ હાઈસ્કૂલમાં લાયન્સ કલબ ગોધરાના પાસ્ટ ડિસ્ટ્રીકટ ગવર્નર પ્રભુદયાલ આર.વર્મા, ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, ભાજપ ગોધરા શહેર પ્રમુખ દિલીપ દસાડિયા,કાલોલ ભાજપ પ્રભારી મહેશ હરૂમલાણી, લાયન્સ કલબ પ્રમુખ ગોરધન દાસવાની, મંત્રી ડો.ભાવેશ બુધવાણી,ખજાનચી કેતકીબેન પ્રદીપભાઈ સોની, પ્રો.ચેરમેન હેમંતભાઈ વર્મા,લાયન્સ કલબ સભ્ય રામપ્રકાશ પાંડે સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આજના સન્માન સમારોહમાં ગોધરા સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન ડો.મોનાબેન પંડ્યા તેમજ શહેરના અનેક તબીબો, પત્રકારો,સામાજિક કાર્યકરો, વર્ગ-૪ના સેવાભાવી કાર્યકરો તથા આર.એસ.એસ. કાર્યકરો તેમજ કોરોના મહામારીમાં સેવા આપવામાં અગ્રેસર તથા કોરોના ગ્રસ્ત પરિવારો ને બંને સમય માટે ભોજન ની વ્યવસ્થા કરનાર ગીતાબેન લુહાણા અને તેમની ટીમ તથા બીજા અન્ય તમામ કોરોના વોરિયર્સનું અને તમામ કાર્યકરોનું લાયન્સ કલબ ગોધરા મારફતે આજે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સેવા કરનાર ખરેખર મહાન છે. તેને લઈને જાનના જોખમે સેવા કરનાર ખરેખર સન્માનને પાત્ર છે. ત્યારે લાયન્સ કલબ ગોધરા ના સભ્યોનુ પણ આ તબક્કે કોરોના વોરિયર તરીકે લાયન્સ કલબ ગોધરા તરફથી સન્માન કરવામાં આવ્યું હતું.

પત્રકારોમાં પ્રદીપભાઈ સોની તથા અન્ય પત્રકારો પણ હાજર રહ્યા અને તબીબો તથા અનેક સામાજીક સંસ્થાના કાર્યકરો અને અનેક વ્યકિતઓ કે જેણે કોરોના વોરિયર તરીકે સેવા આપી હતી. તેઓ હાજર રહ્યા અને તેમનું સ્વાગત મોમેન્ટો થી અને ટ્રોફી દ્વારા કરવામાં આવ્યું હતું.

લાયન્સ કલબ ગોધરાના પ્રમુખ ગોરધન દાસવાણીનું આ તબક્કે સિંધી સમાજ તરફથી પણ સન્માન કરવામાં આવ્યું હતું. લાયન્સ કલબ ગોધરાના જે સભ્યોએ વર્ષ દરમિયાન સામાજિક સેવા કરી હતી. તેવા તમામ સભ્યોનું પણ કોરોના વોરિયર તરીકે ખૂબ જ શ્રેષ્ઠ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજન માટે કલરવસ્કુલના જયેશભાઈ શાહના સહયોગથી સન્માન સમારોહ સફળ રહ્યો. કાર્યક્રમના અંતે આભાર વિધિ લાયન્સ કલબ ગોધરાના પૂર્વ પ્રમુખ IPP ઈન્દ્રવદન પરમાર દ્વારા આભારવિધિ કરી હતી.

# ઘોઘંબા તાલુકાના BRC ભવન ખાતે શિક્ષણ સમિતિના ચેરમેનના અધ્યક્ષપણા હેઠળ શૈક્ષણિક હોમ લર્નિંગ અંતર્ગત માર્ગદર્શન અને સમીક્ષા બેઠક યોજાઇ



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના બી.આર.સી ભવન ખાતે હોમ લર્નિંગ માર્ગદર્શન બેઠક યોજવામાં આવી. આ બેઠકમાં જિલ્લા શિક્ષણ સમિતિ પંચમહાલ ગોધરાના ચેરમેન રમેશભાઈ રાઠવા, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.એસ. હઠીલા, બી.આર.સી કો ઓર્ડીનેટર પ્રવિણસિંહ સોલંકી તાલુકા શૈક્ષિક મહાસંઘના પ્રમુખ વિરેન્દ્રસિંહ ઠાકોર, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ રમેશભાઇ પરમાર તથા ૧૬ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળાઓના આચાર્યો અને ૧૯ કલસ્ટરના સી.આર.સી.કો-ઓર્ડીનેટર મિત્રો હાજર રહ્યા હતા.

covid - 19 મહામારીના સમયમાં છેલ્લા દોઢ વર્ષથી શાળાઓ બંધ છે. ત્યારે ઓનલાઈન પદ્ધતિ તથા જુદા જુદા માધ્યમથી બાળકોને શિક્ષણ અપાઈ રહ્યુ છે. રાજ્ય સરકાર જ્યારે શાળાઓ શરૂ કરવાની તૈયારીઓ કરી રહી છે. ત્યારે covid-19 મુજબ જરૂરી સૂચનો મુજબ આવનાર સમયમાં શાળાઓ શરૂ કરવામાં આવશે તેવા મંતવ્ય જાણવા મળે છે. ચેરમેન દ્વારા આ મિટિંગમાં જણાવવામાં આવ્યું હતું કે microsoft team, જી-શાલા એપ, ડીડી ગિરનાર, youtube, સ્માર્ટફોન તથા શેરી શાળા દ્વારા બાળકોને શિક્ષણ અપાય છે અને દરેક શિક્ષકો ઉત્સાહથી કામ કરી રહ્યા છે, પરંતુ આ અસરકારક શિક્ષણ વધુ વેગવંતુ બને તે માટે થોડા વધુ પ્રયત્નો કરવા માટે સૌને અનુરોધ કર્યો હતો. આ સાથે સાથે વ્યસનમુક્તિ, શાળામાં શિક્ષકોની અનિયમિતતા, સ્વચ્છતા અને દીકરી દત્તક વિશે વિગતે ચર્ચા કરી હતી. કરી હતી. ટી.પી.ઈ.ઓ. દ્વારા જણાવવામાં આવ્યું હતું કે દરેક શિક્ષક પોતાની શાળામાં બાળકોના હોમ લર્નિંગ અંતર્ગત પ્લાનિંગ કરે તથા બાળકો સુધી પાઠ્યપુસ્તકો અને જ્ઞાનસેતુના પુસ્તકો સત્વરે પહોંચાડી જુદા જુદા માધ્યમોથી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવે. સરકારની વિવિધ યોજનાઓ જેવી કે વિદ્યાદીપ વીમા યોજના, કોરોના સહાય યોજના તથા બાળકોને મળતા વિવિધ લાભોની ચર્ચા કરી હતી.

હાલમાં ગામડાઓમાં ઈન્ટરનેટ કનેકટીવિટી, લાઈટ ની અનિયમીતતા, સ્માર્ટફોનનો અભાવ જેવી સમસ્યાઓ આપણને જણાઈ રહી છે. ત્યારે આવા સમય અને પરિસ્થિતિમાં શિક્ષણ એ ઉત્તમ માધ્યમ આપણા સૌ માટે બની રહે તે માટે શેરી શિક્ષણ શરૂ કરવા માટે ગામના આગેવાનો, એસ.એમ.સી. સભ્યો તથા ગ્રામ પંચાયત સમિતિનો સહકાર મેળવી સૌ શિક્ષક મિત્રોએ બાળકોનું શિક્ષણ કાર્ય કરાવવું. સમગ્ર શિક્ષકોએ હકારાત્મક અભિગમ અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે પરંતુ ક્યાંક કેટલાક શિક્ષકો ની પોતાની ફરજ પ્રત્યેની બિન કાળજીના લીધે આખા શિક્ષણ જગત પર ખરાબ અસર પડતી હોય છે. જેથી કરીને શિક્ષકો દ્વારા પોતાની ફરજ પ્રત્યે સભાનતા દાખવી ખૂબ જરૂરી છે.

# શહેરા શેખપુર રોડ ઉપરથી ટ્રકમાંથી સાગી લાકડાનો જથ્થો ઝડપાયો




શહેરા,
શહેરા તાલુકાના શેખપુર રોડ પરથી સાગી લાકડા ભરેલ ટ્રકને વનવિભાગે ઝડપી પાડી રૂપિયા ૮ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રકમાં ભરેલ સાગી લાકડાનો જથ્થો બલુજીના મુવાડા થી ગોધરા તરફ લઈ જવાતો હોવાનું સામે આવ્યું.


પંચમહાલ જિલ્લાના શહેરા રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર.વી.પટેલ સ્ટાફ સાથે પાનમ ડેમ વિસ્તારમાં આવેલ બોરીયા-શેખપુર રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા, તે સમય દરમિયાન શેખપુર રોડ પરથી પસાર થતી એક ટ્રક નંબર જીજે ૧૮ એટી ૮૨૬૩ પર શંકા જતા તે ટ્રકને ઉભી રાખી વનવિભાગની ટીમે તપાસ પાછળના ભાગે સાગી લાકડા ભરેલ હોવાનું જણાઈ આવતા ટ્રક ચાલક પાસે સાગી લાકડા અંગે પાસ પરમીટ માંગતા ટ્રક ચાલકે કોઈ આધાર પુરાવા રજૂ કર્યા ન હતા, જેથી ટ્રકમાં ભરેલ સાગી લાકડા ગેરકાયદેસર રીતે લઈ જવાતા હોવાનું સામે આવતા સાગી લાકડા ભરેલ ટ્રકને શહેરા વનવિભાગે ઝડપી પાડી રૂપિયા ૮ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો, જોકે ટ્રકમાં ભરેલ સાગી લાકડાનો જથ્થો શહેરા તાલુકાના બલુજીના મુવાડા થી ગોધરા લઈ જવાતો હોવાનું જાણવા મળ્યું હતું. આમ શહેરા તાલુકામાંથી ગેરકાયદેસર રીતે સાગી લાકડાનું વહન કરીને ગોધરા તરફ લઈ જવાતા ટ્રકને ઝડપી પાડવામાં શહેરા વનવિભાગને સફળતા મળી હતી.

# પંચમહાલમાં રવિવારે કોરોનાનો બે કેસ નોંધાયા

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં કોરોના કેસોમાં મહત્તમ ઘટાડો નોંધાતા આજે માત્ર ૦૨ કેસ નોંધાયા છે. જેની સાથે સાથે કોરોના કેસો ઘટવાથી જિલ્લા વાસીઓએ તેમજ જિલ્લા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારે કોરોના દર્દીઓ પણ ઝડપથી સાજા થઈ ઘરે પરત ફરી રહ્યા છે.જે એક સુખદ સમાચાર કહી શકાય.

પંચમહાલ જિલ્લામાં આજે ૦૩ દર્દીઓએ કોરોનાને મહાત આપી સાજા થયા. જિલ્લામાં કોરોના કેસોમાં રવિવારે ઘટાડો નોંધાતા માત્ર ૦૨ કોરોના દર્દી નોંધાવા પામ્યા છે. જે શહેરી વિસ્તારમાં ગોધરા શહેર ખાતે અને ગ્રામ્ય વિસ્તારમાં મોરવા હડફ ખાતે એમ મળી કુલ બે કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાનો કુલ આંક આજ રોજ ૯૬૦૬ ઉપર પહોંચી જવા પામ્યો છે. ત્યારે આજ રોજ કોરોનાને હરાવી કુલ ૦૩ દર્દી સાજા થયા હતા.જે મળી જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૪૧૩ દર્દીઓ કોરોના ને પછડાટ આપી સાજા થયા છે. હાલમાં કોરોનાની સારવાર હેઠળ માત્ર ૦૭ દર્દીઓ નો સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લામાં શહેરી વિસ્તારોમાં કુલ ૫૫૨૬ કેસ નોંધાયા. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦૮૦ કેસ નોંધાયા.

# ગોધરા LCBપોલીસે નવજીવન હોટલ સામેથી ભચાઉ થી ચોરાયેલ બાઈક સાથે ઈસમને ઝડપ્યો



ગોધરા,
ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, હાલોલ બસ સ્ટેન્ડ તરફ થી એક ઈસમ નંબર વગરની હિરો હોન્ડા ડીલકસ બાઈક લઈને શંકાસ્પદ હાલતમાં નવજીવન હોટલ તરફ નિકળેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને ચોરીની બાઈક સાથે ઈસમને ઝડપ્યો

ગોધરા એલ.સી.બી. પોલીસ સ્ટાફના માણસોએ હાલોલ નવજીવન હોટલ સામે રોડ ઉપર ખાનગી વોચ રાખી નાકાબંધી કરી બાતમી મુજબના ઈસમને હીરો એચ.એફ. ડીલક્ષ મોટર સાયકલ નંબર વગર જેનો ચેસીસ નંબર MBLHAR056H5L00012, એજીન નંબર HA11EPH5L00013 કિ.રૂ. ૩૦,૦૦૦/-ની સાથે પકડી પાડી તેનુ નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ રાજેન્દ્રકુમાર ઉર્ફે વિજય ભીખુભાઈ રાઠોડ રહે.મધવાસ મોટા ફળીયું તા.કાલોલ જી.પંચમહાલનો હોવાનું જણાવેલ અને તેની પાસે મોટર સાયકલની માલીકી સંબધે કોઈ પુરાવો હોય તો રજુ કરવા જણાવતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ જેથી જેથી સરકારના ઈ-ગુજકોપ પોકેટકોપના મોબાઈલમાં મોટર સાયકલનો ચેચીસ તથા એજીન નંબર નાખી સર્ચ કરતા મોટર સાયકલના માલીકનું નામ દણાલભાઈ પ્રભુલાલ ઠક્કર રહે. રામવાડી શક્તિનગર મકાન નં.૨ ૧૪ વેરાઈ કૃપા હોટલની પાછળ ભચાઉ તા.ભચાઉ જી.કચ્છનો હોવાનું જણાય આવેલ તેમજ મો.સા.નો રજી.નંબર GJ-12-DJ-1335 નો નંબર હોવાનું જણાતા સદરી મો.સા.ના માલીકનો સંપર્ક કરતા સને ૨૦૧૮ ના વર્ષમાં પોતાના મકાનના ઘર આંગણામાંથી ઉપરોક્ત મો.સા. ચોરાયેલા અને તે અંગેની ફરીયાદ ભચાઉ પો.સ્ટે.માં આપેલી હોવાનું જણાવેલ જેથી ભચાઉ પો.સ્ટેમાં સંપર્ક કરતા આ મો.સા. ચોરી નો ગુન્હો ભચાઉ પો.સ્ટે.ના ગુનામાં ચોરીમાં ગયેલ મુદ્દામાલની મોટર સાયકલ હોવાનું તપાસમાં જણાય આવેલ છે. જેથી કચ્છ જીલ્લાના ભચાઉ પો.સ્ટે.નો મોટર સાયકલ ચોરીનો અનડીટક ગુનો ડીટેક્ટ કરવામાં આવેલ છે.

# પાવાગઢ ખાતે વડોદરા થી બાઈક ઉપર ફરવા આવેલ યુવાનોની બાઈક સ્લીપ ખાતા ગંભીર ઈજાઓ



પાવાગઢ,
હાલોલ-પાવાવગઢ રોડ ઉપર સિંધવવા માતાના મંદિર ખાતે થી પસાર થતાં બાઈક ચાલકની સામે ગધેડું આવી જતાં બાઈક ચાલક સ્લીપ ખાઈ ગયા હતા. બાઈક સવાર બુ યુવાનોને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરાના વાસણા રોડ ઉપર રહેતા અનુજ વિજય પરમાર અને જય ગીરીશ પ્રજાપતિ રવિવારના દિવસ હોવાથી પાવાગઢ ફરવા માટે બાઈક ઉપર આવ્યા હતા. બાઈક લઈને પાવાગઢ સિંધવવા માતાના મંદિર સામેથી પસાર થઈ રહ્યા હતા. દરમ્યાન બાઈકની આગળ ગધેડું આવી જતાં બાઈક સવાર બન્ને યુવાનો રોડ ઉપર સ્લીપ ખાઈ ગયા હતા બન્ને યુવાનોને ઈજાઓ થતાં ૧૦૮ મારફતે હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં એક વ્યકિતને ઈજાઓ થતાં વડોદરા ખસેડવામાં આવ્યો.

**ગોધરા શહેરમાં સિંધી સમાજ દ્વારા શહેરના શ્રી પ્રેમપ્રકાશ સેવા ટ્રસ્ટ સંચાલિત સ્વામી શાંતિપ્રકાશ સત્સંગ ભવન ખાતે પંચમહાલ જિલ્લા આરોગ્ય શાખાના સહયોગ થી સિંધી સમાજના ૧૮ થી ૪૪ વયજુથના ભાઈઓ અને બહેનો માટે**



**નિઃશુલ્ક વેકસીનેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વેકસીનેશન કાર્યક્રમમાં સિંધી સમાજના પ્રમુખ કિશોરીલાલ ભાયાણી, લીલારામ સંતાણી, અશોક ગોવરમલ, કમલેશ શર્મા, રાજુભાઈ લાલવાણી,હોતચંદ ધમવાણી(બાબુજી), કનુભાઈ છતાંણી તેમજ આરોગ્ય શાખાના કર્મચારીઓના સહકારથી વેકસીનેશન કેમ્પ સફળ રહ્યો હતો અને સિંધી સમાજના ભાઈઓ અને બહેનો એ વેકસીનેશન કેમ્પનો લાભ લીધો હતો.**

# ઘોઘંબા-કાલોલ તાલુકાની જીવાદોરી કરાડ નદી માંથી જાડી ઝાંખરા દુર કરવા જરૂરી



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના પાલ્લા માંથી નીકળતી કરાડ નદી એ ઘોઘંબા કાલોલ તાલુકા માટે જીવાદોરી સમાન છે અને આ નદી ઉપર બાંધેલ ડેમના કારણે બંને તાલુકામાં ખેડૂતોને ખેતી માટે પાણી પૂરૂં પાડવામાં આવે છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ કરાડ નદીના આખા પટમાં ખુબજ ઝાડવા અને સેવાળના કારણે નદી પુરાઈ જવા પામી છે. જેને વહેલામાં વહેલી તકે સાફ કરી પૂનઃ જીવિત કરવાની માંગ તાલુકા કોંગ્રેસ અને ખેડૂત આગેવાનો તેમજ સ્થાનિકો એ કરી છે.

# ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સમાજ સુરક્ષા કચેરી દ્વારા નશામુકિત વેબીનાર યોજાયો

ગોધરા,
જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ગોધરા તથા સિવિલ હોસ્પીટલ ગોધરાના સંયુકત ઉપક્રમે તા. ૨૬મી જુન આંતરરાષ્ટ્રીય નશામુકિત દિવસ અંગે ઓનલાઇન વેબીનાર યોજવામાં આવ્યો.

તા. ૨૬મી જુન International Day Against Drug abuse and illicit Trafficking 2021ની ઉજવણીના હેતુથી આ વર્ષની થીમ "Share facts on Drugs, Save Lives" અન્વયે આજકાલ યુવાનોમાં અને બાળકોમાં નશાકારક પદાર્થોનું સેવન કરવાની પ્રવૃતિ ખુબ ચાલી રહેલ છે. આ નશાકારક પદાર્થના સેવન થી વ્યકિતના શારિરીક માનસિક, આર્થિક, સામાજીક અને કાયદાકીય રીતે કેટલું નુકશાન થાય છે અને તેના કેવા ખરાબ પરિણામ આવી શકે છે અને માનસિક સ્વાસ્થ્ય અને શારિરીક સ્વાસ્થ્ય ઉપર થયેલ અસરોની સારવાર કેવી રીતે થઇ શકે તેની ચર્ચા કરવામાં આવી. આ પ્રસંગે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી,જીલ્લા બાળ સુરક્ષા અધિકારી,સિવિલ હોસ્પીટલ ગોધરાના મનોચિકિત્સક ર્ડા.પીનલ ગાંધી અને ર્ડા.મયુર પટેલ દ્વારા આ અંગે વેબિનારમાં જોડાયેલ તમામ સહભાગીઓને વિસ્તૃતમાં પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ નિમિત્તે સમાજ સુરક્ષા કચેરી તરફથી સીમલીયા ગામ ખાતે લોકોમાં જાગૃતિ કેમ્પ યોજવામાં આવ્યો હતો અને પત્રિકાઓ વહેચવામાં આવી હતી.